શ્રી જૈન સ્તવન,
સજ્ઝાયમાળા.

ભાગ ૧ લો.

રચી પ્રસિદ્ધ કરનાર.

શ્રી જૈન જ્ઞાનવર્ધક સભા તરફથી

સેક્રેટરી મણીલાલ લલ્લુભાઈ શાહ.

અમદાવાદ—દેવસાનો પાડો.

કી. રૂ. ૦—૨—૦.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती [illegible] विभाग]

अनुक्रमांक ૩૨૬૦ वर्गांक

पुस्तकनुं नाम જૈન સ્તવન સજ્ઝાયમાળા ૧

विषय

શ્રી જૈન સ્તવન સઝાય માળા.

ભાગ ૧.

રચી પ્રસિધ્ધ કરનાર
શ્રી જૈનજ્ઞાન વર્ધક સભા તરફથી
સેક્રેટરી મણીલાલ લલ્લુભાઇ શાહ.

અમદાવાદ—દેવસાનો પાડો.

આવૃતી પહેલી. પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૬૭. સને ૧૯૧૦.

કીં. રૂ. ૦—૨—૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૩૨૫૦

અમદાવાદમાં 'રાજસ્થાન' છાપખાનામાં શાહ
હીરાલાલ વર્ધમાને આ પુસ્તક છાપ્યું.

અર્પણ પત્રિકા.

શાહ પોપટલાલ ચમનલાલની પવિત્ર સેવામાં

સ્થળ (દેવસાનો પાડો) અમદાવાદ.

આપ ઉદાર-ગંભીર-વિવેકવીર અને ધર્મધીર પુરૂષ છો, પરમાર્થ કરવામાં કુશળ છો, પરોપકાર એ આપણો સ્વભાવિક ગુણ છે. નીતિ સાથે આપને ચીરંકાળની પ્રીતિ છે. આપ પરમાર્થી અને દયાળુ પુરૂષ છો. દીન ઉપર દયા કરનાર છો. ઉદાર અને ગંભીર છો. ઉદારતાની સાથે આપને સાચોજ સ્નેહ છે. ધર્મ ઉપર પ્રીતિ અને સાથે ઉદારતા હોવાથી આપને ધર્મ ઉપર પ્રેમ રહે છે. નિરાશ્રિતને આશ્રય આપી ઉદ્યમમાં નાંખો છો, તે બાબતમાં આપને ધન્યવાદ ઘટે છે. આપ આ શાળાની અંદર ખરા દીલથી વર્તો છો તેથી આપને ધન્યવાદ ઘટે છે. વળી આ પુસ્તકની અંદર આપે ખરા અંતઃકરણથી મદદ કરી છે તેને માટે ધન્યવાદ ઘટે છે. ઇત્યાદિક અનેક સ્તુતિ પાત્ર ગુણોથી પ્રસન્ન થઈ શ્રી જૈન સ્નાત્ર સાગરમાળા

નામનું લઘુ પણ અતિ મનોહર પુસ્તક કીર્તિની મૂર્તિ રૂપ આપ નર રત્નને આ શ્રી જૈન જ્ઞાન વર્ધક સભા અર્પણ કરે છે તે સ્વીકારશોજી.

લી૦

શ્રી જૈન જ્ઞાન વર્ધક સભા.

દેવસાનો પાડો,—અમદાવાદ.

ઉપોદ્ઘાત.

પ્રિય વાંચક વર્ગને વિનંતિ કરવામાં આવે છે કે આ લઘુ પણ અતિ રમણિય પુસ્તક કેવળ જ્ઞાનધારક શ્રી જિનેશ્વર ભગવાનના ગુણોથી ગુંથેલું છે તેની રચના લોકપ્રિય રાગોમાં કરી છે કારણકે વર્તમાન કાળમાં દેશમાં નાટકનો પ્રચાર થવાથી લોકોને દિનપ્રતિદિન નાટક જોવાનો શોખ વધી ગયો છે તેથી ઠામ ઠામ નાટકના રાગના ગાયનો ગાવામાં જન સમાજ ગુલતાન બનેલો જોવામાં આવે છે. પણ પ્રાચીન ગ્રંથકર્તા મહાન પુરૂષોની ચમત્કૃતી ભરેલી કૃતિઓ અને શ્રાવકાણીના સ્તવનોથી જે અનુભવ આનંદ પ્રાપ્ત થાય છે તેમાંનો લેશ માત્ર આનંદ આધુનિક ગાયનોથી થતો નથી. પરંતુ અફશોસ! સમય વરતે સાવધાન એ કહેવતને અનુસરી હાલના સમય પ્રમાણે વર્તવું એ સૌથી સારી વાત છે.

હાલ શ્રી જીનેશ્વર ભગવાનની સ્તુતિ [illegible] નાટકના રાગોમાં રચેલી ચોપડીયો એકથી વધારે [illegible] છે તે કોમળ વયના બાળકો મધુર સ્વરથી વા[illegible] સાથે ગાય છે તેથી બાળક યુવાન અને વૃદ્ધ માણસાનું ધ્યાન તે તરફ ખેંચાય છે પણ તેવી કેટલીક ચોપડીઓના

જીનેશ્વર ભગવાનના સ્તવનોમાં નાટકને છાજતા શબ્દોનો આભાસ પડવાથી સજ્જન વર્ગને કેટલીક રીતે અરૂચી થાય છે તેથી આધુનિક લોકપ્રિય રાગોમાં એક નવું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. જેની અંદર ગાયન ચૈત્યવંદન, સ્તવનો, અષ્ટપ્રકારી પુજા, સઝઝાયો વિગેરે દર્શાવેલા છે તેથી દરેક જૈનબંધુને આ લઘુ પુસ્તક ઘણું જ ઉપયોગી થઇ પડશે માટે દરેક જૈનબંધુ લાભ લઇ શકે તેથી આ પુસ્તકની કીંમત ફકત બે આના રાખી છે. આ ચોપડીઓનો ખરચ કાઢતાં જે બાદ રહેશે તે જૈન બાળકોને શિક્ષણ આપવાને માટે મદદ કરવાની છે તો પછી જૈન નામ ધરાવનાર કયો ગૃહસ્થ સ્વાર્થ સાથે પરમાર્થ સાધવાનો અમૂલ્ય સમય ગુમાવશે.

આ પુસ્તક જેમ તેમ રઝળતું મુકવું નહિ કારણકે તેમ કરવાથી જ્ઞાનની આશાતના થાય છે ને જ્ઞાનના વરણીય કર્મ બંધાય છે માટે આ પુસ્તક જેમ બને તેમ જાળવીને રાખવા વિનંતિ છે.

સંવત ૧૯૬૭ ના	}	લી૦
		શ્રી જૈન જ્ઞાન વર્ધક સભા
કારતક વદી ૧		અમદાવાદ—દેવસાનો પાડો.

श्री शान्तीनाथायनमः

શ્રી જૈનસ્તવન સજ્ઝાયમાળા.

રાગ (ધનાશ્રી.)

સ્તુતિ.

નવખંડા પાર્શ્વ નમન કરૂ આ વાર. (૨)
વામાનંદન પાપ નીકંદન, બુદ્ધીતણારે દાતાર નવખંડા.
નીસદીન સાહેબ યાચુ તમને, રાખું હૃદય મોઝાર નવખંડા.
કીર્તી તમારી પ્રસરી સારી, ત્રણભુવન મોઝાર નવખંડા.
સુખદાતા, જગત્રાતા, જગના, વિપતી ને તું વીદાર નવખંડા.
કૃપાસીંધુ સ્વામી કૃપા કરીને, કુમતીનેરે નીવાર નવખંડા.
મુખથકી હું માગું છું એવું, વાણી આપોને શ્રીકાર નવખંડા.
અલ્પ મતીથી ગ્રંથ બનાવું, ખોડ ન દેશો લગાર નવખંડા.
બાલચંદ સેવક તે સ્વામી, વંદે વારંવાર. નવખંડા.

મંગળાચરણ.

રાગ આશાવરી.

ધર્મ ધુરંધર ધીરવીર, જય જય જય જીનરાયા.
નાથ તમારા સુરનર, ઇંદ્રાદીક ગુણ ગાયા;

સુખ દુખ સમયે એક સરીખી, રાખી રહ્યા સમતા
મહ દુખ સાચન રાજી વલોચન, જીન હૃદય રમતા. ધર્મ.
કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, એ છ શત્રુ માર્યા
પંથ બતાવી મોક્ષ પુરીનો, ભલી જીવને તાર્યા ધર્મ.
રાજનગરમાં દયા વીમલે, પવીત્ર કહી વાણી
બાલચંદ મનથી ભવસાગરનો, પાર પામે પ્રાણી. ધર્મ.

૧

(મારે આંખ વીના અંધારૂ) એ રાગ.

મારે તો વીર વીના અંધારૂ રે સદાય મારે વીર વીના અંધારૂં.
કોઇ ભજે દેવદેવી કોઇ ભજે માયા દેવી
મારે મન તો વીર વીરરે (સદાય મારે)
કોઇ ભજે બ્રહ્માને, કોઇ ભજે રામાને
હું તો ભજુ વીર વીરરે (સદાય મારે)

૨

વીર વીર કને જાઓ રે ઓ મનના મેલા
વીર વીર કને જાઓ.
દુનીયાદારી દુખની કયારી
વીર વીર ગુણ ગાઓ રે–ઓ મનના મેલા વીર ૧
સગાં સબંધી તારા–નથી તારા માં
સઘળા સ્વાર્થનું સગપણ રાખે ભાઇ.
ર્મ કરે તે સાથે રે–ઓ મનના મેલા વીર ૨

ત્રીશલા દેવીના જાયા-સીધાર્થ તાત સોહાયા
દેવ દેવી આયા-મળી સુર હુલરાયા
ચરણ અંગુઠે મેરૂ કંપાયા-ઓ મનના મેલા વીરવીર ૩
જ્ઞાન વર્ધક સભા નમે સીરનામી
નમે બાલચંદ હરખ ઉર પામી
સેવકની કરજો વારરે-ઓ મનના મેલા વીર વીર. ૪

૩

થયા છે રે પતી તેજ. એ રાગ.

મળ્યા છે રે મારે પુન્ય ઉદયસે શુદ્ધ સુની રાજે ૧
પાલીટાણે સાલ સોલમે દાદા મણી પાગે
જયકારી, ભવવારી, સુખકારી, રોગકારી,
શ્રી ભગવતી સુત્રના યોગ વહીને હુવા ગણુ રાજે. ૨
કંચન ગીરીએ જાત્રા કરીને, ભાવનગર વાસે
ચોમાસે, ઉલાસે, ગણી પાસે શુભ માસે,
બહુ શ્રાવક મળીને ઉપધ્યાનાદી ક્રીયા કરે મોક્ષ કાજે મ. ૩
બહુ પ્રકારે ઓચ્છવ કરીને, આવ્યો ગુરૂ પાસે
કરી સારી, દુઃખ વારી, મન ધારી, ગુણકારી,
અતી મંગળકારી મોહનગારી માલ પહેરી છાજે મ૦ ૪
ઇત્યાદીક શુભ કરણી કરીને ભવી સબ ગુણ બાથે
જ્ઞાનકારી, વર્ધક ભારી, નમે સારી, ગુણ કાન્તી
શ્રી દયા વીમળ ગુરૂચરણ કમળશે ભય સવ ભાજે મ. ૪

(પુનમ ચાંદની) એ રાગ.

મને મળીયા મળીયા દયા વીમળ ગુરૂ રાજજી રે

એતો દયા તણા છે ભંડાર, નમો ભાવધરા મુનીરાજનેરે. ૧

સાખી.

સંવત સતર સાલમાં કરી વડોદરા ચોમાસ

સંઘ મલી ભકતી કરે રાજે ગુરૂ ગુણ જાસ

એની વાણી ઘણી રસાળ છેરે

જેથી મોહ્યા ભવીક જન, સાર મળીયા. ૨

સાખી.

ભાવ ધરી મન માંગણો શ્રાવક વર્ગ સમાજ

શુણે સુત્ર એક તાનશે જેસે અમૃત પાન

કરી પરભાવના બહુ માનથી રે

સખ હળી મળી ગાવે ગીત. મને મળીયા.

સાખી.

ઉપધ્યાનાદી બહુ લીધે, પહેરી સુજાણ

સ્વામી ઓચ્છવ કરે વળી જાણે જનમ પ્રમાણ

કરી પુન્ય તણી અનુમોદનારે

ગુરૂ ચરણ કમળ બલીહાર મને મળીયા.

3260

૫

(હોરી વસંત) એ રાગ.

મુનીવર વંદો ભાઇ, વારી સેવા પરમ સુખદાઇ
દયા વીમળ ગણી મહારાજા, પાળી તાણે કરી આઇ
વરસી તપ બહુ ઉતમ કીનો, જાત્રા કરી સુખદાઇ.
કરીયે પુર્વે પુન્યાઇ વારી, મુની વરવંદો ભાઇ. ૧
કરે તીરથકી ભકિત મુનીવર શકતી કરી સરસાઇ
યોગ મુદ્રાદી અનેક રીતીશે ધ્યાન ધરી મનમાંહી
સુકૃતકી કરી કમાઇ, મુનીવર વંદો ભાઇ. ૨
સંવત ઓગણીસે વીસમે દીનદીન જોતી સવાઇ
ચરણુ કમળ રાયણુ તળે હેઠે નિત પ્રતી શીશ નમાઇ.
હૃદયમાં અતી ઉલ્લસાઇ, મુનીવર વંદો ભાઇ. ૩

૬

(દેખ્યાભાઇ દુખના દહાડા હો (૨) એ રાગ.

ચુકો કેમ ધર્મના દહાડાઓ ભાઇ મુકો કેમ ધર્મના દહાડા.
પાપ કરીને જુલમ. વીચારી જો મન
હવે જાવું વાટ સીધીયે હો જાવું વાટ સીધીયે
સગા સબંધી સ્નેહીને પડતાં દનમાં
સ્વાર્થીયા રોસે અતી કરીસ નહીં તુ પાપરે
કંચન કામીની નરક જાણી ન ફર એકનો સાથરે (મુ૦)

મોજ માણો રંગ મહેલમાંને એક દીન વાટડે
બાલચંદની વીનતીતે આડી તે માયા નડે. (મુકો)

૭

(પાતળીયા પરીશ્રમ શ્યો શાને) એ રાગ.

ચાલો ભાઇ જીન દરશન જઇએ આજ ભાવે શુભ રીતથી
બહુ પ્રીતથી

ઉમંગ રંગથી આનંદ વ્યાપ્યો. ચાલો ભાઇ સહુ રીતથી
સહુ રીતથી.

આનંદ અંગ ન માય ઉમંગે આએ પ્રસંગે....આ.

વીનતી–કરૂ સ્તુતિ ચાલો ભાઈ.

(ચાલો ભાઇ વખત જાય છે હા જીન દરસનથી પાપ
નાસ થાય છે.

પ્રભુ દરશન વીણુ જનમ્યો જગમાં જાણો વૃથા બાર
વૃથા બાર છે.

મોહન મુરતી શું કરૂં કીરતી, ગુણ સમરતી આ....

જીન મતી લાવો અતી. ચાલો.

જીન દરીસનથી દુખ દુર જાએ સુખ આવે સહુ
રીતથી સહુ રીતથી.

પાર્શ્વ નીરંજન ભવભય ભંજન છો અરી ગંજન
આ....બાલચંદ રતી વીનવે અતી. ચાલો ભાઇ.

૮

વિષય વાત ભાઇ હવે તજી દે, પાર્શ્વ ભજન તું કરી લે.
ધર્મવૃતિથી ધ્યાન પાર્શ્વનું, એક ચીતેથી સમરી લે.
અધમપણા ને અલગ [illegible], ભંડાર ભક્તિના ભરી લે.
પાર્શ્વ નામનું નાવ મળ્યુ છે, તો ભવસાગર તરી લે;
નાશવંત નરનામ છોડાને, શીવ સુંદરી તું વરી લે.
વિષય વાત ભાઇ હવે તજી દે, પાર્શ્વ ભજન તું કરીલે.

૯

તારો મુજને હેતેથી ગ્રહી હાથરે પ્રભુજી,
ગાઉં આનંદે ગુણ તારા પ્રભુજી;
આસરો મારે છે પ્રભુ એક આપનો,
સ્તુતિ કરૂંછું હાથ જોડી પ્રભુજી.
છે નહિ આશા મારે ધન ધરા ધામનીરે,
બાલચંદ વીનવે પ્રભુ હાથ જોડીરે પ્રભુજીઃ-તારો.

૧૦

બાળ પરે મેર આણોરે,
શાન્તીજી મારા બાલપરે મેર આણો;
સંસારી સંબંધ જોડી, આપ ચરણે જીવ જોડી.
હું તો થઇ બેઠો રાગી રાગીરે-શાન્તીજી.
સંસાર સંકટ જોયું; ખાડામાં ગોથા ખાઉં,
મેર કરો પ્રભુ મારા મારારે—શાન્તીજી.

૧૧

હવે હું રઝળ્યો બહુ સંસાર
કામ ક્રોધનાં ધરી પરધાનો
કંઠે વિષયની માલ
મદન મોહમાં હું બહુ રાચ્યો
કરી નીંદા અપાર
કોટી અધર્મ કરી ફસાયો
ન રહ્યો કાળનો ખ્યાલ
બાલચંદની વીનતી સુણી
માફ કરો પાપ મહારાજ.

૧૨

અરે જીવ અમારા ભુલ્યો ભાન, ભમ્યો ભવ રાનમાંરે:
ખરેખર નાચ્યો નટ નાદાન, રાચ્યો સંસારમાંરે.
રાચ્યો સંસારમાંરે, ફુલ્યો બહુ માનમાંરે—અરે જીવ.
સંસાર આ અસાર માંહી કંઇ સારરે..........નથી
વિષયમાં લપટાઇ મુરખ તું શુંરે......મળી
સમરી લે ભગવાન; (૨) અરે જીવ.
સ્ત્રી પુત્ર બંધવા સ્વારથ સુધીના માનવા
માત પીતા સંસારીના પણ એજ ખેલ પ્રમાણવા
તુંજમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી તારા જાણવા
મુવા પછી મસાણ લગી એ—લાગે તુજને બાળવા.
અરે જીવ.

૧૩

સંસારની માયા કાચા કુંભ જેવી. (૨)
જાણો સર્વ સગાઇ ભાઇ તેવી,
સગાંને સબંધી વળગી રેશે (૨)
જ્યાં સુધી પાસ નાણું રેશે,
સ્વારથનું સગપણ સંસારે,
સંસાર જાણો અસાર રે.
ભાઇ બેન સ્ત્રી માતા, જાણુ જગતના ભામારે;
પીતા પુત્ર બાળકી તે, કોઇ નહિ આવે સાથરે.
નીતિ વીજયની નીતી પસાએ આ સેવકને દીધો બોધરે
જ્ઞાન વર્ધક સભા સ્થપાવીને-વરત્યો જયજયકાર રે.

૧૪

અરે ઓ ભ્રમરપ્રાણી તારૂ કોઇ નવ થાશે,
જગમાં સૌ સ્વારથનું સગપણ જ્ઞાની એમ પ્રકાશે.
સાંજ સમે જેમ પંખી મેળો ભેગુ બેઠું ભાવે રે
ઉડી ફજરમાં સર્વે એકાએક ઉડી જાએ રે,
સંધ્યાની વાદળીયો જેવું, તેવું માયાનું રૂપરે;
સંસાર તેવું જાણજો, સંધ્યાના જેવું રૂપરે.
એકલો આવ્યો એકલો જાસે સાથે રહે એ નહી દામરે.
તું વાપરીસ તેટલું તારૂં થાસે, બાકીનું બીજાને જાશેરે.
ભલભલાતો ચાલીયા પણ કાંઈ નવ આવ્યું હાથરે,
નાથાલાલની વીનવી સુણી, ગાતો સેવકનો હાથરે.

ચૈત્યવંદન કરવાની વિધિ.

ઇચ્છામી ખમાસમણો. વંદિ ઉજ્જાવણિ જ્જાએ, નિસીહિઆએ, મથ્થેણ વંદામિ,

ખમાસમણ દેઇને પછી ઇચ્છા કારેણ સંદિસહ ભગવાન્ ચૈત્ય વંદન કરૂં, ઇચ્છં

સકળ કુશળ વલ્લી. પુષ્કરાવર્ત મેગો
દુરિત તીમર ભાનુ. કલ્પ વૃક્ષોપ માન
ભવજળની ધીપોત. સર્વ સંપતિ હેતુ
સંભવ તુ નાતંવ. શ્રે થસે શાંન્તિનાથ. શ્રે થસે
પાર્શ્વનાથ.

શ્રી સિમંધર વીતરાગ. ત્રી વન તુમે ઉપગારી શ્રી શ્રેયાંસ પાલાકુળે બહુ શોભા તુમારી ધન્ય ધન્ય માતા સાતકી જેણે જાયો જયકારી વૃષભ લંછને વીરાજમાન વંદે નરનારી ધનુષ પાંચસે દેહડીએ સોહીએ સો વનવાન્ કીર્ત્તિ વિજયઉ ઉવઝાયનો વીનય ધરે તુમ ધ્યાન ૧.

જંકિંચી.

જંકિંચિ નામ તિથ્થં, સગે પાયાલિ માણુસેલોએ; જાઇ જીણબિંબાઇ, તાઇ સવ્વાઇ વંદામિ.

નમુથ્થુણં.

નમુથ્થુણં અરિહંતાણં ભગવંતાણં આઇગરાણં તિથ્થયરાણં સયંસંબુદ્ધાણં પુરિસુ-તમાણં પુરિસસીહાણં પુરિસવર પુંડરીઆણં પુરિસવર ગંધહથ્થીણં લોગુત્ત-માણં લોગનાહાણં લોગહિઆણં લોગપઇવાણં લોગપ-જ્જોઅગરાણં અભયદયાણં ચખ્ખુદયાણં મગ્ગદયાણં શરણદયાણં બોહિદયાણં ધમ્મદયાણં ધમ્મદેસિયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં અપ્પડિહયવરનાણ દંસણધરાણં વિઅટ્ટછઉમાણં જીણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં સવ્વન્નૂણં સવ્વદરિસીણં શિવ મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણ રાવિત્તિ સિદ્ધિગઇ નામધેયં ઠાણંસંપત્તાણં નમોજીણાણં જીઅભયાણં જેઅ-અઇયાસિદ્ધા જેઅભવિસ્સંતિણાગએકાલે સંપઇઅવટ્ટમાણા સવ્વેતિવિહેણ વંદામિ.

અથ જાવંતિ ચેઇયાઇં.

જાવંતિ ચેઇઆઇં ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ ॥
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તથ્થસંતાઇં. ॥ ૧ ॥

ઇચ્છામિખમાસમણો બોલવું નહીં.

અથ જાવંતકેવિસાહુ.

જાવંતકેવિસાહુ ભરહેરવયમહાવિદેહેઅ,
સંવેસિંતેસિંપણુઓ તિવિહેણુતિદંડવિરયાણું. ૧

નમસ્કાર.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય:સર્વ સાધુભ્યઃ

સ્તવન કહેવું.

અથ શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

(રાગ ધનાશ્રી.)

ગિરૂઆરે ગુણ તુમતણા, શ્રી વર્ધમાન જીન રાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયારે ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉંરે;
અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉંરે. ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવિ પેસેરે:
જે માલતી ફુલે મોહીઆ, તે બાવલ જઇ નવી બેસેરે. ગિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યારે;
તે કેમ પરસુર આદરૂં; જે પરનારી વશ રાચ્યારે. ગિ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે;
વાચક જસ કહે માહરે, તું જીવન જીવ આધારોરે ગિ૦ ૫

પછી હાથ જોડીને

જયવીયરાય.

જયવીયરાય. જગગુરૂ-હોઉમમં તુહપભાવઓ ભયવં ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆઇઠ્ઠફલ સિદ્ધિ ૧ લોગવિરૂદ્ધ ચ્ચાઓ ગુરૂજણપૂઆપરત્થ કરણંચ સુહગુરૂ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા ૨ વારિજ્જઇજઇવિનિઆણ બંધણં વીઅરાય તુહસમએતહવિ મમહુજ્જસેવા ભવેભવે તુમ્હચલણાણં ૩ દુખ્ખખ્ખઓકમ્મખ્ખઓ સમાહિમરણંચ બોહિલાભોઅ સંપજ્જઉ મહએઅં તુહનાહપણામકરણેણ ૪ સર્વ મંગલમાંગલ્યં સર્વ કલ્યાણકારણં પ્રધાનંસર્વધર્મોણાં જૈનં જયતિ સાસનં ૫

(પછી ઉભા રહીને)

અરિહંત ચેઇઆણં.

અરિહંત ચેઇઆણં કરેમિકાઉસ્સગં ૧ વંદણવત્તિઆએ પૂઅણવત્તિઆએ સક્કારવત્તિઆએ બોહિલાભવત્તિઆએ નિરૂવસગ્ગવત્તિઆએ ૨ સદ્ધાએ મેહાએ ધિઇએ ધારણાએ અણુપેહાએ વદ્ધમાણી એ ઠામિકાઉસ્સગં ૩.

અન્નત્થઊસસિએણં.

અન્નત્થઉશસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઇએણં ઉડુએણં વાયનિસગ્ગેણં ભમલિએ પિતમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં ૨ એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમેકાઉસ્સગ્ગો ૩ જાવઅરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં નપારેમિ ૪ તાવકાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ૫

પછી એક નવકારનો કાઉસગ્ગ કરી, નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય, કહી થોય કહેવી.

(સ્તુતિ થોય.)

કલ્લાણકંદં પઢમંજિણંદં સંતિંતઓનેમિજિણંમુણિંદં;
પાસંપયાસં સુગુણિક્કઠાણં ભત્તીઇવંદે શ્રીવદ્ધમાણં ૧

અથ અષ્ટપ્રકારી પુજાના દુહા.

ન્હવણ વિલેપન કુસુમની, ધુપ દીપ મનોહાર;
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર. ૧
ભાવ સ્તવનને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર;
કારણથી કારજ સધે, તેણે પુર-પુજ ઉદાર. ૨

ઈણી પરે જળ પુજા કરી, કરીએ આપ્પા શુદ્ધ;
અને છિણુ જે મોહમાં, જાણો તેહ અબુધ. ૩
હવે કરવા ગુણ વાસના, અસંખ્યાત પ્રદેશ;
ચંદનની પૂજા કરો, આણી ભાવ વિશેષ. ૪
પુજાને પરિણામ હોઉ, કરો ચંદનકી રીત;
શીતળતાને સુગંધતા, જીમ ભાજે ભવભીત. ૫
હવે ત્રીજી સુમનસ તણી, પૂજા અતિહિ ઉદાર;
સુમનસ સુખ જીણુથી લહે, તિણે સુમનસ પ્રકાર. ૬
પ્રણિધાને સદગતિ હોએ, પૂજથી કીમ નવી હોય;
સુમનસ ભાવે દુર્ગતા, પૂજ પંચાશક જોય. ૭
હુતાશનથી કક્ષ જયું, તિમ ધ્યાનાનલે કર્મ;
તિણે મિશે ધુપ પુજા કરો, પામી જયું શિવશર્મ. ૮
ઈણુપરિ ધુપ પુજા કરી, જીન આગળ શુભ ભાવ;
ટાળી વિભાવની પરિણતી, દૂર કરો પર ભાવ. ૯
જગ પ્રદીપ પુર દીપ શુભ, કરતાં ભાવો એહ;
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ. ૧૦
કેવળનાણ પઈવશું, જયું લહે લોકાલોક;
ત્યું પુજા દ્રવ્ય દીપની, કરતાં શિવફળ રોક. ૧૧
હવે અક્ષત પૂજા કરો, શાળી વ્રિહિ ગોધૂમ;
ઉજ્જવળ પ્રભુ પર ઢોઈને, ટાળો મોકુકી ધૂમ. ૧૨

અક્ષત પૂજા સેવા ભણી, અક્ષત પૂજા ઉદાર;
ઇહ ભવ પણ નવિ ક્ષય હોયે, રાજ ઋધિ ભંડાર. ૧૩
હવે નૈવેદ્ય નિવેદના, કીજે જેમ હુલીરાય;
ભવ નિવેદ પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય. ૧૪
કર્તા ભોકતા મુજ નહીં, પુદ્દગલ ભાવનો જીવ;
તિણે પુદ્દગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ. ૧૫
ફળ પુજા કરતાં થકાં, સફળ કરો અવતાર;
ફળ માગો પ્રભુ આગલે, તાર તાર મુજ તાર. ૧૬
જસ ફલ ઓપમ જગ નહીં, પામ્યા પછી ન અંત;
અવ્યાબાધ અચળ અરૂજ, માગો સુખ અનંત. ૧૭

મોહોટાં સ્તવનો.

દોહરો.

૧

બહેકું ડગલું ભરે, શેતરૂંજા સામું જેહ,
રીખવ કહે ભવક્રોડનાં, કર્મ ખપાવે તેહ. ૧
શેત્રૂંજા સમો તીરથ નહી, રીખવ સમો નહી દેવ
ગૌતમ સરખા ગુરૂ નહી, વળી વળી વંદુ તેહ. ૨

સીદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૩
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગીરનાર
શેતરૂંજી નદી નાહ્યો નહી એનો એળે ગયો અવતાર ૪
શેતરૂંજી નદીમાં નાહીને, મુખ બાંધીકોશ
દેવ જુગાદી પુજીએ, આણી મન સંતોષ. ૫
જગમાં તીરથ દો વડા, સેતરૂંજય ગીરનાર
એક ગઢ રીખવ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬
સીદ્ધાચળ સીદ્ધી વર્યા, ગ્રહી મુનિલીંગ અનંત
આગે અનંતા સીધશે, પુજો ભવી ભગવંત. ૭
શેતરૂંજય ગીરી મંડણો, મારૂદેવીનો નંદ
જુગલા ધરમ નીવારકો, નમો યુગાદી જીણંદ. ૮

✱

૨

આંખડીએરે મેં આજ શેત્રુંજય દીઠોરે,
સવા લાખ ટકાનો દાહાડોરે, લાગે મુને મીઠોરે,
સફલ થયોરે માહારા મનનો ઉમાહડો,
વાહલા મારા ભવનો સંશય ભાંગ્યો રે;
નરક તિર્યંચ ગતિ દૂર નીવારી,
ચરણે પ્રભુજીને લાગ્યોરે, શેત્રુંજય દીઠે.રે. ૧. એ આંકણી.

માનવ ભવનો લાહો લીજે, વા૦ મા૦ દેહડી પાવન કીજેરે,
સોનારૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષીણા દીજેરે. શેત્રું૦ ૨
દુધડે પખાલીને કેશર ઘોલી, વા૦ શ્રી આદીશ્વર પૂજ્યારે,
શ્રી સીદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યારે. શે૦ ૩
શ્રીમુખ સૌધર્મા સુરપતી આગે, વા૦ વીરજીણંદ એમ બોલેરે;
ત્રણ ભુવનમાં તીરથ મ્હોટું, નહીં કોઇ શેત્રુંજય તોલેરે. શે૦૪
ઇંદ્ર સરીખા એ તિરથની, વા૦ ચાકરી ચીત્તમાં ચાહેરે;
કાયાની તો કાહાર કાઢી, સુરજકુંડમાં નાહેરે. શે૦ ૫
કાંકરે કાંકરે શ્રીસીદ્ધક્ષેત્રે, વા૦ સાધુ અનંતા સીધ્ધારે;
તે માટે એ તીરથ મોટું, ઉધ્ધાર અનંતા કીધારે શે૦ ૬
નાભીરાયા સુત નયણે જોતાં, વા૦ મેહ અમીરસ વુઠયારે;
ઉદયરત્ન કહે આજ મ્હારે પોતે, શ્રીઆદેશર તુઠારે શે૦ ૭

*

૩

જાત્રા નવાણું કરીએ વિમળગિરી, જાત્રા નવાણું કરીએ;
એ આંકણી.
પુરવ નવાણું વાર શેત્રુંજગિરિ, રિખવજિણંદ સમોસરીએ.
વિમળ૦ ૧
કોડ સહસ ભવ પાતક ત્રુટે, શેત્રુંજા સામું ડગ ભરીએ.
વિમળ૦ ૨

સાત છઠ્ઠ હોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરીએ.
વિમ૦ ૩

પુંડરિક પદ જપીએ હરખે, અધ્યવસાય શુભ ધરીએ વિ૦૪
પાપી અભવ્ય નજરે ન દેખે હિંસક પણ ઉદ્ધરીયે. વિ૦૫
ભોંય સંથારો ને નારીતણો સંગ, દૂરથકી પરહરીએ. વિ૦૬
સચિત પરિહારીને એકલ આહારી ગુરૂ સાથે પદ ચરીએ વિ૦૭
પડિક્કમણાંદોય વિધિશું કરીએ પાપ પડલ વિખરીએ.વિ૦૮
કલી કાળે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભવદરીએ. વિ૦ ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ. વિ૦ ૧૦

*

૪

સિદ્ધાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં;
વિમલાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં.
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં નાવે પાર,
રાયણ ઋષભ સમોસર્યા સ્વામી પૂરવ નવાણું વારરે. ધ૦ ૧
મૂલ નાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર;
અષ્ટદ્રવ્યશું પૂજે ભાવે, સમકિત મૂલ આધારરે. ધ૦ ૨
ભાવ ભકિતશું પ્રભુ ગુણ ગાવે, આપણા જન્મ સુધાર્યા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે નરક તિર્યંચ ગતિ વાર્યારે ધ.૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારૂં, એ તીરથ જગસારારે. ધ.૪

સંવત અઢારસેં બ્યાશીએ માસ આષાઢે,વદિ આઠમ સોમવારા;
પ્રભુજીકે ચરણ પ્રતાપીકે સંઘમે, ખેમરતન પ્રભુ પ્યારારે ધ૦ ૫

*

૫

માતા મરૂદેવીનો નંદ, દેખી તાહરી મુરતી મારૂં મન લોભાણુંજી;
મારૂં દીલ લોભાણુંજી દેખી. એ ટેક૦ ॥

કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ પાંચસેં માન. માતા૦ ૧
ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
યોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૦ ૨
ઉર્વશી રૂડી અપછરાને, રામા છે મનરંગ;
પાયે નેપુર રણઝણે કાંઇ, કરતી નાટારંગ. માતા૦ ૩
તુંહી બ્રહ્મા તુંહી વિધાતા. તુંહી જગ તારણહાર;
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અરવડીઆં આધાર.માતા૦
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર, વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૫
શ્રી સિધ્ધાચળ તીર્થ કેરો, રાજા રિષભ જીણંદ;
કીર્તી કરે માણેક મુની તાહરી, ટાળો ભવભય ફંદ મ૦ ૬

*

૬

વિમલાચલ વિમલા પ્રાણી, શીતળ તરૂ છાયા ઠરાણી;
રસવેધક કંચન ખાણી; કહે ઈંદ્ર સુણો ઈંદ્રાણી. ૧
સનેહી સંત એ ગિરિ સેવો, ચઉદ ક્ષેત્રમાં તીર્થ નહિ એવો. સ૦ ૨
છહરી પાલી ઉલસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ;
મોહ મલ્લની સામા ધસીએ, વિમલાચલવેગે વસીએ. સ૦ ૨
અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ;
પાછળ પ્રદક્ષિણા ભરીએ, ભવજલ નિહ્યા તરીએ. સ૦ ૩
શિવ મંદિર ચઢવા કાજે, સો પાનની પંક્તિ વિરાજે;
ચઢતાં સમકિત છાજે, દુર ભવ્યા ભવ્ય તે લાજે. સ૦ ૪
પાંડવ પમુહા કેઇ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા;
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલ સિધ્ધ અનંતા. સ૦ ૫
ષટ્માસી ધ્યાન ધરાવે, શુકરાજાનું રાજ્યને પામે;
બહિરંતર શેતરૂં હરાવે, શેત્રુંજે નામ ધરાવે. સ૦ ૬
પ્રાણિ ધ્યાને જો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો, શુભ વીર વિમલગિરિ સાચો. સ૦ ૭

*

૭

સમકીત દ્વાર ભભારે પેસતાંજી, પાપ પડળ ગયાં દૂર રે;
મોહન મરૂદેવીનો લાડલોજી, દીઠો મીઠો આનંદ પૂરરે. સ૦ ૧

આઉ વરજીત સાતે કર્મનીજી, સાગર કોડા કોડી હીણુ રે;
સ્થિતિ પઢમ કરણે કરીજી, વીર્ય અપુરવ મોઘર લીધરે સ૦ ૨
મંગલભાગીઆધકષાયનીજી, મિથ્યાત મોહની સાંકળસાથરે;
દ્વાર ઉઘાડયાં સમ સંવેગનાંજી, અનુભવ ભવને બેઠો નાથરે. ૩
તોરણ બાંધ્યું જીવ દયા તણુંજી, સાથીઓ પુર્યો શ્રધા રૂપરે;
ધુપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગળ આઠ;
અનુપરે સમ૦ ૪
સંવર પાણી અંગ પખાલણેજી, કેશર ચંદન ઉત્તમ ધ્યાનરે;
આતમ ગુણરૂચીમૃગમદમહમહેજી, પંચાચારકુસુમપ્રધાનરે. ૫
ભાવ પુજાએ પાવન આતમાજી, પુજો પરમેશ્વર પુન્યપવિત્રરે;
કારણ જોગે કારજ નીપજેજી, ખીમા વિજય જિન આગમ
રીત રે સમ૦ ૬

*

૮

મારૂં મન મોહ્યુંરે શ્રી સિધ્ધાચળે, મારૂં મન મોહ્યુંરે શ્રી વિમળાચળેરે. દેખીને હરખીત હોય, વિધિશું કીજેરે જાત્રા એહનીરે; ભવ ભવનાં દુઃખ જાય. મારૂં૦ ૧ પંચમે આરેરે પાવન કારણેરે, એ સમો તિરથ ન કોય; મોટો મહીમારે જગમાં એહનેરે, આ ભરતે અહીયાં જોય. મારૂં૦ ૨ એણે ગિરિ આવ્યારે જીનવર ગણધરારે, સિધ્ધા સાધુ અનંત; કઠણ

रम पण एे गिरि फरसतांरे, होवे करमनी शांत मारु० ३
जैन धरम ते साचो जाणीनेरे, मानव तिरथ एे स्तंभ;
सुरनर कीनर तप विद्याधरारे. करता नाटारंग. मारु० ४
धन धन दहाडोरे धन वेळा घडीरे, धरीએ हृदय मोझार;
ज्ञानविमळ सुरी गुण एेना घणारे, कहेतां न आवे पार.
मारु मन० ५

*

९

आवो गिरि सिधाचळ जइએ, पाप हरी निरमळ थइએ;
कुमती कदाग्रहने तजीએ, आवो गिरि सिधाचळ जइએ. १

तारण तिरथ दो कहीએ, थावर जंगमने लहीએ,
लोकोतरने नीत भजीએ. आवो० २

परमपद अजवाळे पथ चरीએ. पुन्य घणुं लाभे भरीએ
सीध अनंता कांकरीએ. आवो० ३

सोना रूपाने फुले, मुगताफळ अमुलख मुले
पुजीने नाम नही भुले. आवो० ४

चडीએ गिरीवर अनुक्रमे, अंतर ध्यान रसे रमीએ
मारुदेवा नंदने नमीએ. आवो० ५

રાયણુ હેઠળ જીનરાયા, પુરવ નવાણું ઈયાં આયા
લળી લળી તસ પ્રણમું પાયા. આવો૦ ૬
સુરજ કુંડમાં જઇ નાહાશું, પેરણુ ખીરોદક આણું;
આંગી રચી જીન ગુણ ગાશું. આવો૦ ૭
તીરથ દરશને ફરીએ, જોગ ઉપાધી દુરે કરીએ;
લાભ અનંતો એણે ગિરીએ. આવો૦ ૮
ગામ બાગોદરેથી આવે, સંઘવી સઘળું મન ભાવે;
જીન આણા માથા કઠે ઠાવે, આવો૦ ૯
ઓગણીશે બીસોતેર વરશે, ઉજળ પોસની છઠ દીવશે;
જીનવર ભેટી મન ઉલસે. આવો૦ ૧૦
દેવકી નંદન અનુસરીએ, ઉલખા ઝાળે જળ ભરીએ;
સીદ્ધસલા કાઉસ્સગ કરીએ, આવો૦ ૧૧
ભાવ ડુંગર ચીત લાયા, શીધવડની શીતલ છાયા;
જાણું માતડકી માયા. આવો૦ ૧૨
વીમલાચલ ફરશે પ્રાણી, જીવ ભવીક હોવે જ્ઞાની;
રીખવ કહે વરે શીવ રાણી. આવો૦ ૧૩

*

૧૦

આવો સખી સીદ્ધાચળ જઇએ, ગીરીવર ભેટી સુખ લહીએ;
જો જીન આણા શું રહીએ, આવો સખી સીધાચળ જઇએ. ૧

...દ્ધ અનંતાનો ઠામ, એવી જીનવરની વાણ;
જાણે આગમના જાણ. . આવો૦ ૨
એ ગીરીના ગુણ કહું કેતાં, પાર ન પામે કેવળી લેતાં;
ક્રોડ પુરવ દેશના દેતાં. આવો૦ ૩
સંઘવી પેમાશા આવે, રાજનગરનો સંઘ લાવે
જાત્રા નવાણુ કરે ભાવે. આવો૦ ૪
જાત્રા નવાણું કરો ભાવે, એવો અવસર ફરી નાવે;
આતમ શીવપુરમાં જાવે. આવો૦ ૫
જાત્રાની હુંશો છે ભારી, લાગી અનુભવની તાળી,
ગીરીવર દરીશન બલીહારી. આવો૦ ૬
અટારશે સત્યાશી વરસે. ગીરી ગુણ ગાયા મન હરશે;
મણી ઉદયોત ગીરી ગુણ ગણશે. આવો૦ ૭

*

ફ્રી

સ્વામીજી મુજને સિધ્ધાચળ લેઇ ચાલ, લેઇ ચાલ લેઇ ચાલરે
સ્વામીજી મુજને સિધાચળ લેઈ ચાલ.
વીલંબ ન કરશી કર વાલમા, કોણે દીઠી છે કાલરે. સ્વા.
ઘોઘાબંદર જઈ કરીરે વાલમા, મળીએ સૈયરકેરો સાથરે. સ્વા.
પાલીતાણેનગરે જઇ કરીરે વાલમા, સફળથઇ મુજઆસરે. સ્વા.
ગીરી દેખી લોચન ઠર્યાંરે, વા૦ સફળ થયો અવતારરે. સ્વા.
ઉચાં દેરાં આદીનાથનારે, વા૦ ઉગમણે દરબારરે. સ્વા.

સુરજકુંડમાં નાહી કરીરે, વા૦ પેહેરવા જાદવ ચીરરે. સ્વા.
કેશર ચંદન ઘસી ઘણાંરે, વા૦ પુજવા આદી જીણંદરે. સ્વા.
સુરનર જન સેવા કરેરે, વા૦ ચમર ઢાળે ઇંદ્રરે. સ્વા.
કેડે કંદોરા હીરનારે, વા૦ કંઠે નવસર હારરે. સ્વા.
બાંહે બાજુબંધ બેરખારે, વા૦ લીલાવટ ટીલક જડાવરે. સ્વા.
મુસ્તક મુગટ હીરે જડયોરે વા૦ કાને કુંડળ સારરે. સ્વા.
કીરતીવીજય ઉપકતયનોરે, વા૦ હોજો મંગળ માળરે. સ્વા.

*

૧૨

સખી રાજનગરનો રંગરે, સખી ડેરા દીધા ઉતંગરે;
સખી મંગળ વાજા વાજેરે, સખી શેઠ હેમાભાઇ રાજેરે.
સાજનીઆળી.
સખી સંગ મલ્યો છે જાજેરી, સખી શીવસુખ લેવા કાજેરે;
સખી સંગની શોભા ભારીરે, સખી જોવા નાર નરનારીરે. સાજ.
સખી સંગ મલ્યો છે જાંગરે, સખી જન ઉડી જોવા જાયરે,
સખી દેખી હરખે ભરાયરે, સખી જીન સાસન સોહાયરે;
સખી જગ જસવાદ ગવાયારે, સાજનીઆળી.
સખી સંઘપતી હેમાભાઇરે, સખી સંઘવણ કંકુબાઇરે;
સખી અનોપ સુરજમલભાઇરે, મનસુખ કીરતી સવાઇ. સાજ.
સખી ઉજમ બેન છે સાથેરે, શ્રી હેઠ છે ગીરી ગુણ ગાતેરે;
સખી શેઠતણા પરીવારરે, સખી શોભે મોતનકેરી માળરે. સાજ.

સખી એકલહારીને સચિત પરીહારીરે, સખી પડીકમણા છે
તે અકારીરે.
સખી ભોંય સંથારો વરતધારીરે, સખીગુરૂ સાથે પાય
ચાલીરે. સા૦
સખી આતમ ગુણ અજુવાળરે, સખી મજલે મજલે ચાલેરે;
સખી ભરત નૃપ જેમ ચાલેરે, સાજનીયાજી.
સખી સ્વામી વચ્છલ થાયરે, સખી ગોરી મંગળ ગાયરે;
સખી સંઘ વીમળાચળ આવેરે, સખી મણી ઉદયોત ગુણ
ગાયરે. સાજનીઆજી.

*

૧૩

માતા પ્રભાવતીનાનંદ, મલ્લીનાથ મહારાજા ભોયણી ભલે
બીરાજોજી.

ઓગણીસેં ત્રીસના વૈશાખે, પુનમ દીન ઉદ્યોત;
કેવળ પટેલના ખેતરમાંથી, પ્રગટી જાગતી જ્યોત. માતા૦ ૧
કુકવાવને ભોયણી વચ્ચે, વાદ થયો તે ઠામ,
એક કહે પ્રભુને લઇ જઇયે, બીજા કહે અમ ગામ. મા૦ ૨
વૃદ્ધ કહે હઠવાદ કરો નહી, પ્રભુ ઇચ્છા ત્યાં જાય;
વગર બળદને ગાડે સ્થાપ્યા, પણ ત્યાં અચરજ થાય મા૦ ૩

કુકવાય ભણી કર્યો ઉંટડો, વળ્યો ભોયણી આપઃ
વગર બળદીયે ગાડું ચાલ્યું, એ પ્રભુનો પરતાપ મા૦૪

ભોયણીમાં અમથાના ઘરમાં, પધરાવ્યા પ્રભુ ઠામ;
મલ્લીનાથને કાઉસગીયા બે, સ્થાપ્યા વીધીવીણુ શ્યામ. મા૦૫

ગામ ગામને ઠામ ઠામમાં, પ્રસર્યો પ્રભુ પ્રભાવ;
જાત્રા નીમીતે સંઘ બહુ આવે, સહુસ્ત્ર રંકને રાવ. મા૦ ૬

વર્ણ અઢારે પ્રભુ માને, આશ ફળે ભરપુર;
ચમત્કાર દેખીને દુનીયા, આવે પ્રભુ હુજુર. મા૦ ૭

ભુવન વેદ ભકતીશી શશી વરસે, મહા સુદ દસમ શ્રીકાર;
નવીન ચૈત્યમાં પ્રભુ બીરાજ્યા, વરત્યો જયજયકાર. મા૦ ૮

નલીનીગુલ્મ વેમાન બનાવ્યું, મનહર ચૈત્ય વીશાળ;
મણીમય સ્તંભની રચના કીધી, શીખરબંધ ઉજમાળ. મા૦૯

શીખર પતાકા ગગને ફરકે, નમશી કરે વીવાદ;
શંગા જેવું જીન મંદીર ચડી, ઉતર્યો તારો નાદ. મા૦ ૧૦

કળીયુગમાં એ સાચો સાહેબ, દીન દુઃખભંજન દેવ;
પ્રત્યાપુરે ચીંતા ચુરે, પ્રગટયા પ્રભુ સ્વમેવ. મા૦ ૧૧

વરસે વરસે વરસગાંઠ દીન, મેળાની ભલી ભરાય;
શેઠજી મનસુખભાઇ તરફથી, સ્વામી વાત્છલ થાય. મા૦૧૨.

ધ્યાન પ્રભુનું જે જન ધરસે, તરશે તે સંસાર;
આધી વ્યાધી જશે ઉપાધી, ધશે સમાધી ચાર. મા૦ ૧૩
સુગ્મ ખંડ ભકતી શશી વરસે, માઘ દશમ રવીવાર;
વરસગાંઠ દીન રત૦મો પ્રભુજી, વૃધ્ધીનેગ અણુગાર. મા૦ ૧૪

*

૧૪

અંતરજામી સુણુ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો ॥ સાંભળીને આવ્યો હું તીરે, જનમ મરણ દુઃખ વારો ॥ ૧ ॥ સેવક અરજ કરે છે રાજ, અમને શિવ-સુખ આપો ॥ એ આંકણી ॥ સહુકોનાં મનવંછીત પુરો, ચિંતા સહુની ચુરો ॥ એહવું બીરુદ છે રાજ તુમારૂ, કીમ રાખો છો દુરે ॥ સે૦ ॥ ૨ ॥ સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરસ્યો ॥ કરૂણા સાગર કેમ કહેવાસ્યો, જો ઉપગાર ન કરસ્યો ॥ સે૦ ॥ ૩ ॥ લટ-પટનું હવે કામ નહી છે, પરતક્ષ દરિસણુ દિજે ॥ ધું-આડે ધીજું નહી સાહિબ, પેટ પડયાં પતિજે ॥ સે૦ ॥ ૪ ॥ શ્રી શંખેશ્વર મંડણુ સાહિબ વીનતડી અવધારો ॥ કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાયરથી તારો ॥ સે૦ ॥ ૫ ॥ ઇતિ. ॥

*

૧૫

મુરખો ગાડી દેખી મલકાવે, ઉમર તારી રેલતણી પરે જાવે સંસાર રૂપી ગાડની બનાવીને, રાગ દ્વેષ દોય પાટા, દૈહ ડબાને પક્ષપલ પૈડા, એમ ફરે છે આઉખામાં અંટારે; મુરખો૦ ૧ કર્મ અંજીરમાં ફુંખાય અગનીને, વિષય વારી માંહી ભરીઉં, ત્રસના ભુંગળું આગળ કર્યું તે, ચારે ગતીમા ફરીઉંરે. મુરખો૦ ૨ પ્રેમ તણાતો આંકડા વળગાડયાને, ડબે ડબા જોડયા ભાઈ; પુરવભવની ખરચી લઈને ચેતન બેસારૂ બેઠાં માંહીરે. મુરખો૦ ૩ કોઈએ ટીકટ લીધી નરક ત્રીજંચની કોઈએ લીધી મનુષ્ય દેવા, કોઈએ ટીકટ લીધી સીધ ગતિની પામવા અમૃત મેવારે. મુરખો૦ ૪ ઘડીએ ઘડીએ ઘડીઆળાં વાગે, એમ રાત દીવસ વહી જાય; વાગે સીટીને ચાલે અગન ગાડી, માસ માસના મેલ આવેરે. મુરખો૦ ૫ આયુષરૂપી આવ્યું સ્ટેશન, હુંસલો તે હાલુ હાલુ થાય; પાપે ભરી પાકીટ લેઇ જાતાં, કાળ કોટવાળે પકડીઓરે. મુરખો૦ ૬ નરક નગરીમાં જમરાજા પાસે જઈને સોંપ્યો તતકાળ; આરંભ કરીને આવ્યા પરૂણા, તેને કુંભી તે પાકમાં ઘાલ્યોરે. મુરખો૦ ૭ સંવત શશી નીધ વર્ષ તે વેદ મુલ, માહાં તીથીને વાર આદી; ગુરૂ

ગોપાળજી સ્વામી પુન્યપસાએ, કીધી મોહન ભાવ
ગાડીરે. મુરખો૦ ૮

*

૧૬

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિ આનંદ લાલરે. જ.૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમિ શશિ સમ ભાલ લાલરે;
વદન તે સારદ ચંદલો, વાણી અતિ રસાલ લાલરે, જ.૨
લક્ષણ અંધે વિરાજતા, અડહીય સલસ ઉદાર લાલરે,
રેખા કર ચરણાદીકે, અભ્યંતર નહીં પાર લાલરે. જ. ૩
ઇંદ્ર ચંદ્ર રવિ ગિરી તણાં, ગુણ લઇ ઘડીયું અંગ લાલરે;
ભાગ્ય કીહાં થકી આવીયું, અચરિજ એહ ઉતંગ લાલરે,જ.૪
ગુણ સઘળાં અંગે કર્યા, દુર કર્યા સવી દોષ લાલરે;
વાચક જસ વિજયે શુણ્યો, દેજો સુખનો પોખલાલરે જ.૫

*

૧૭

રૂષભ જીણંદ શું પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઇ અલગા વસ્યા, તિહાં કીણે નવિ હો કહિ કોઇ
વચન ઉચ્ચાર. રૂ૦ ૧

કાગળ પણ પહોંચે નહિ, નવી પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઇનું વિવધારૂ. ૨
પ્રીત કરે જે રાગીઆ, જીનવરજી હો તમે છો વીતરાગ,
પ્રીતડી જે અરાગીથી, મેળવવી હો લોકોતર માગ. રૂ૦ ૩
પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, વીણ ભાતેહો કહો બને બનાવ. રૂ. ૪
પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ
પરમ પુરૂષથી રાગતા, એક તત્વતા હો દાખી ગુણ ગેહ રૂ.૫
પ્રભુજીને અવલંબતાં નિજ પ્રભુતા હો પ્રગટે ગુણ રાશ;
દેવચંદ્રની શેવના આપે મુજ હો અવિચલ સુખ વાસ. રૂ.૬

*

૧૮

અજીત જીણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગકે.
માલતી ફુલે મોહીઆ, કીમ બેસે હો બાવલ તરૂ ભ્રંગકે.
અ૦ ૧ ગંગાજલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે
મલાર કે; સરોવર જલધર જળ વિના, નવિ ચાહેહો
જગચાતક બાલ કે. અ૦ ૨ કોકિલ કલ કુજીત કરે, પામી
મંજરી હો પંજરી સહકારકે, ઓછા તરૂવર નહિ ગમે ગિ-
રૂઆશું હો હોએ ગુણનો પ્યાર કે, અ૦ ૩ કમલિની દિન
કર કર ગ્રહે વલી કુમુદની હો ધરે ચંદશું પ્રીત કે; ગૌરી

ગિરીશ ગિરિધર વિના નવી ચાહે હો કમલા નિજ ચિત્તે; અ૦ ૪ તિમ પ્રભુ શું મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાયકે; શ્રી નય વિજય વિબુધ તણો વાચક જસ હો નિત નિત્ય ગુણ ગાય કે. અ૦ ૫ ઇતિ.

*

૧૯

સાહિબ સાંભળો રે. સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યોરે, ન લહિ સેવા તુમારી,
નરક નિગોદમાંરે, તિહાં હું બહુ ભવ ભમીઓ,
તુમ વિના દુખ સહયાંરે, અહુનિશ ક્રોધે ધમધમિઓ સા૦ ૧
ઇંદ્રિય વશ પડયોરે પાળ્યાં વ્રત નવિ સૂસે;
ત્રસ પણ નવિ ગણ્યારે, હણીયા થાવર હુંસે,
વ્રત ચિત્ત નવી ધરયાંરે. બીજું સાચું ન બોલ્યું;
પાપની ગોઠડીરે, તિહાં મેં હઈડલું ખોલ્યું. સા૦ ૨
ચોરી મેં કરીરે, ચઉવિહ અદત્ત ન ટાલ્યું.
શ્રી જીન આણશુંરે, મેં નવી સંજમ પાલ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના લાલચેરે. નીરસ પીંડ ઉવેખ્યો. સા૦ ૩
નર ભવ દોહિલો રે, પામી મોહ વસ પડયો;
પરસ્ત્રી દેખીનેરે, મુજ મન તિહાં જઇ અડિયો;

કામ ન કોચરયાંરે, પાપે પીંડ મેં ભરીઓ,
શુધ્ધ બુદ્ધ નવિ રહિરે, તેણે નવિ આતમ તરીયો.સા.૪
લક્ષ્મીની લાલચેરે, મેં બહુ દીનતા દાખી,
તો પણ નવી મલીરે, મલી તો નવી રહી રાખી,
જે જન અભિલખેરે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણેર, તેહની નિત રહે પાસે. સા. ૫
ધન ધન તે નરા રે, એહનો મોહ વિછાડી,
વિષય નિવારીનેરે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ તે મેં ભખ્યાં રે, રાત્રી ભોજન કીધાં,
વ્રત નવિ પાળીયાંરે, જેહવાં મુળથી લીધાં. સા. ૬
અનંત ભવ હું ભમ્યોરે. ભમતાં સહિબ મલિયો,
તુમ વિના કોણ દિયેરે, બોધ રયણ મુજ બળીયો;
સંભવ આપજો રે, ચરણ કમલ તુમ સેવા,
નય એમ વિનવેરે, સુણજો દેવાધી દેવા. સા. ૭

*

૨૦

સ્વામી તુમે કોઈ કામણ કીધું, ચિત્તડું અમારૂં ચોરી લીધુ;
સાહેબા વાસુપૂજ્ય જીણંદા, મોહના વાસુપુજ્ય. એ આંકણી.
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં
ધરશું. સા૦ ૧

મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો સ્થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠત ભકતે, યોગી ભાખે અનુભવ યુકતે. સા૦ ૨
ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશે રહીત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘરતુમે આવ્યા, પ્રભુતો અમે નવ નિધિરૂધિ
પાવ્યા. સા૦ ૩
સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડ ખડ દુઃખ
સહેવું. સા૦ ૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,
ખીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું. સા૦ ૫

*

૨૧

હાંરે મારે ધર્મ જીણંદશું લાગી પુરણ પ્રીતજો,
જીડલો લલચાણો જીનજીની ઓલગેરેલોલ;
હાંરે મુને થાશે કોઇક સમે પ્રભુ સુપ્રસન્નજો,
વાતલડી તવ મહારીરે સવી થાસે વગેરેલોલ. ૧
હાંરે કોઇ દુર્જનનો ભંભેર્યો માહરો નાથજો,
ઓળવસ્યે નહી ક્યારે કીધી ચાકરીરે લોલ;
હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયા માંહેજો,
જઇએ રે જીમ તેહને ઘર આશા કરીરેલોલ. ૨

હાંરે જસ સેવાંસેતી સ્વારથની નહીં સિધજો,
હાલીરે શી કરવી તેહથી ગોઠડીરેલોલ.
હાંરે કાંઇ જુઠું ખાયે તે મીઠાઇને માટેજો,
કાંઇરે પરમારથ વીણ નહીં પ્રીતડીરેલોલ. ૩
હાંરે પ્રભુ અંતરજામી જીવન પ્રાણઆધારજો,
વાહ્યોરે નવી જાણ્યો કલીયુગ વાયરોરેલોલ;
હાંરે મારો લાયક નાયક ભકતવત્સલ ભગવંતજો
વારૂરે ગુણ કેરો સાહિબ સાયરોરેલોલ. ૪
હાંરે પ્રભુ લાગી મુજને તાહારી માયા જોરજો,
અળગાને રહ્યાથી હો ઓસિંગલોરેલોલ;
હાંરે કુણ જાણે અંતરગતની વીણ મહારાજજો,
હેતરે હસી બોલો છોડી આંબળોરેલોલ.
હાંરે તારે મુખને મટકે અટકયું માહારૂં મનજો,
આંખલડી અણીયાળી કામણગારડીરેલોલ,
હાંરે મારે નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજજો,
રાતાં રે પ્રભુ રૂપે ન રહે વારીયાંરેલોલ. ૬
હાંરે પ્રભુ અલગા તો પણ જાણજ્યો કરીને હજુરજો,
તાહરીરે બલીહારી હું જાઉં વારણેરેલોલ;
હાંરે કવિરૂપ વિબુધનો મોહન કરે અરદાસજો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતી ઘણુંીલોલ. ૭

૨૨

પ્યારા પાસજીહોલાલ દીનદયાલ મુને નજરે નીહાલ,
રાતા જેવા ફુલડા નીલા જેવો અંગ
આજ તારી આંગીઓનો કાંઇ રૂડો બન્યો રંગ.પ્યારા પાસજી.
જોગીવાડે જાગતોને માતો ધીંગડ મલ
શામળો શોહામણો કોઇ જીતા આઠે મલ. પ્યારા૦
તું છે મારો સાહેબોને હું છુ તારો દાસ
આશ પુરો દાસની કંઈ સાંભળો અરદાસ. પ્યારા૦
દેવ સઘળા દીઠા તેમાં એક તું અલ
લાખેણું જોઇ લટકુ તારૂ દેખી રીઝે દલ. પ્યારા૦
કોઇ નમે પીરને ને કોઈ નમે રામ
ઉદય રત્ન કહેરે પ્રભુ મારે તુ સે કામ. પ્યારા૦

*

૨૩

આવોરે આવો પાસજી મુજ મળીયારે,
મારા મનના મનોરથ ફળીયારે, આ૦ એ. આંકણી.
તારી મુરત મોહન ગારીરે, સહુ સંઘને લાગેછે પ્યારી,
તમને મોહી રહ્યા સુર નરનારી. આ૦ ૧
અલબેલી મુરત પ્રભુ તારીરે, તારા મુખડાઉપર જાઉં વારીરે;
નાગ નાગણીની જોડ, ઉગારી. આ૦ ૨

ધન્ય ધન્ય દેવાધી દેવારે, સુરલોક કરે છે સેવા રે
હમને આપોને શિવપુર મેવા. આ૦
તમે શીવ રમણીના રસીયારે, જઈ મોક્ષપુરીમાં વસીયારે,
મારા હૃદય કમળમાં વસીયા. આ૦ ૪
જે કોઇ પાસ તણા ગુણ ગાશેરે,ભવભવનાં તે પાતીક જાશેરે;
તેનાં સમકિત નીર્મળ થાશે. આ૦ ૫
પ્રભુ ત્રેવીસમા જીન રાયારે, માતા વામાદેવીના જાયારે;
હમને દરીશન દોને દયાળા. આ૦ ૬
હું તો લળી લળી લાગુ પાયરે, મારા ઉરમાં તે હરખ નમાયરે;
એમ માણેક વીજય ગુણ ગાય. આ ૭

*

૨૪

હાંરે મારે આજની ઘડી તે રળીઆમણી જો;
અજરાપાસજી પુજ્યાની વધામણીજો. મારે આજની૦ ૧
પુરો પુગેરે સોહાગણ સાથીઓ જો,
મારે મંદીરે પધાર્યા પાસ હાથીઓ જો. મારે આજની૦ ૨
હુ તો મોતીડાના ચોક પુરાવતી જો,
અજરા પાસજીની આંગીઓ રચાવતીજો, મારે આજની૦ ૩
હું તો ચંપેલીના થંભ રોપાવતી જો;
અજરા પાસજીને પધરાવતી જો. મારે આજની૦ ૪

કહે રૂપચંદ સ્વામીને દીઠડો જો;
મારા હૃદય કમળ લાગે મીઠડો જો. ગારે આજની૦ ૫

*

૨૫

ઝુલાવે માહવીર કુંવર પાલને ॥ એ આંકણી ॥
રત્નજડીત સોનેકા પાલણા ॥
દોરી ઝરીકી બાલને૦ ॥ ઝુલાવે૦ ॥ ૧ ॥
મણી મોતીયન કે ઝુંબખે નીકે ।
ઘુંઘરી ઘમકારને૦ ॥ ઝુલાવે૦ ॥ ૨ ॥
રત્નદામ શ્રીદામગંદક પર ।
તરે પ્રભુજી ખ્યાલને૦ ॥ ઝુલાવે૦ ॥ ૩ ॥
મેના મોર શુક સારસ સુંદર ।
હર્ષે કુમર ભાલને૦ ॥ ઝુલાવે૦ ॥ ૪ ॥
છપન્નદીક કુમરી ઉલ્હશાવે ।
બજાય બજાય તાલને૦ ॥ ઝુલાવે૦ ॥ ૫ ॥
ત્રીસલા માતા આનંદીત હોવે ।
નીરખ નીરખ બાલને૦ ॥ ઝુલાવે૦ ॥ ૬ ॥
હંસ કહે પ્રભુ પાલણે પોઢે ॥
જાણે જગત પાલને૦ ॥ ઝુલાવે૦ ॥ ૭ ॥

૨૬

આવે આવે તીશલાંનો નંદ લટકે આવેરે
તારા શાંતીકયોતા રૂડા નેણુ મારા મન ભાવેરે
કુમ કુમ કેરા છડા દેવરાવુંને મોતીડા ચોક પુરાવુંરે
તીસલા નંદન મલી હુલરાવે મારા પ્રાણુ તણો આધાર
લટકે.

ઇંદ્રાણી મલી મંગલ ગાવેને હઇડે હરખ ન માયરે
વીધી પુરવક નવરાવે પ્રભુને પહેરાવે શણગાર. લટકે.
પ્રભુ મુખ મટકેને લોચન લટકે વારી જાઉ વાર હજારરે
સુતને દેખી માતાજી ઘણું હરખી ત્રણ ભોવનનો નાથ.
લટકે.

ઠમક ઠમક પ્રભુ પાય ઉઠાવશે, જીવણ જુગ આધારરે,
મહેર કરીને મુને દરીશન દીજે, કીજે પર ઉપગાર લટકે.
સુરતરૂ સુરમણી સુરગતી શોભીત, કામીત ફલ દાતારરે;
ન્યાય સાગર પ્રભુ તુમ પાય શોભીત, ઉતારે ભવપાર. લટકે.

*

૨૭

ચઉમાશી પારણું આવે, કરી વીનતી નીજ ઘેર જાવે;
પ્રીયા પુત્રને વાત જણાવે, પટકુળ જરી પથરાવેરે.
મહાવીરપ્રભુ ઘેર આવે, જીરણ શેઠ ભાવના ભાવેરે. મ. ૧

ઉભી શેરીએ જળ છંટકાવે, જાય કેતકી ફુલ બીછાવે;
નીજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઇ થાળ ભરાવેરે. મ.૨
અરીહાને દાનજ દીજે, દેતાં જે દેખી રીજે;
ખટ માસી રોગ હરીજે, સીજે દાયક ભવ ત્રીજેરે. મ. ૩
તે જીનવર સન્મુખ જાશું, મુજ મંદીરીએ પધરાવું;
પારણું ભલીભક્તિ કરાવું, જુગતે જીન પુજા રચાવુરે. મ.૪
પછે પ્રભુને વોળાવા જઇશું, કરજોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઇશું, વારતી અતીરંગે વકીસ્યુરે. મ.પ
દયા દાન ખીમા શીલ ધરસ્યું, ઉપદેશ સજજને કરસ્યું;
સત્ય જ્ઞાન દીશા અનુસરસ્યું, અનુકંપા લક્ષણ વરસ્યુંરે. મ.૬
એમ જીરણ શેઠ વદંતા, પરણામની ધારે ચઢતાં,
શ્રાવકની શીમે ઠરંતાં; દેવ દુદુંભી નાદ સુણતાંરે. મ. ૭
રી આયુ પુરણ શુભ ભાવે, સુર લોય અચ્યુતે જાવે;
સાતા વેદની સુખ પાવે, શુભ વીરવચન રસ ગાવેરે. મ. ૮

*

૨૮

સુણજો સાજન સંત પજુસણ આવ્યાં રે ॥
તમે પુન્ય કરો પુન્યવંત ભવિક મન ભાવ્યાં રે ॥
વીર જીણેસર અતિ અલવેસર ॥
વાહાલા મારા ॥ પરમેશ્વર એમ બોલે રે ॥

પર્વ માંહે પજુસણુ મોહટાં અવર ન આવે તોલે રે ॥

પજુ ॥ તુમે૦ ॥ ભ૦ ॥ ૧

ચો પગ માંહે જેમ કેસરી મોહટો ॥ વા૦ ॥

ખગમાં ગરૂડ હો કહીએરે

નદી માંહે જેમ ગંગા મોહટી

જગમાં મેરૂ લહીએ રે ॥ પજુ૦ ॥ તુમ૦॥ ભ૦ ॥ ૨

ભુપતિમાં ભરતેસર ભાખ્યો ॥ વા૦ ॥

દેવ માંહે સુરેંદ્ર; તીરથમાં શેતરૂંજો દાખ્યો

ગ્રહ ગણુમાં જેમ ચંદ્ર રે ॥ પજુ૦॥ તુમે૦॥ ભ૦॥૩॥

દસરા દીવાલી ને હોલી ॥ વા૦ ॥

અખાત્રીજ દીવાસો રે ॥

બલેવ પ્રમુખ બહુલાછે બીજા પર્ણ, એ મુકિતનો
વાસો રે ॥

પજુ૦॥ તુમે૦ ॥ ભ૦ ॥ ૪

તે માટે અમર પલાવો ॥ વા૦ ॥

અઠાઇ મહોત્સવ કીજેરે ॥

અઠમ તપ અધિકાઇએ કરીને, નરભવ લાહો લીજેરો

પજુ૦॥ તુમે૦ ॥ ભ૦ ॥ ૫ ॥

ઢાલ દદામા ભેરી નફેરી ॥ વા૦ ॥

કલ્પસુત્રને જગાવો રે ॥

ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવેરો॥
પજુ૦ ॥ તુમે૦ ॥ ભ૦ ॥ ૬ ॥
સોના રૂપાને ફુલડે વધાવો ॥ વા૦ ॥
કલ્પસુત્રને પુજો રે ॥
નવ વખાણ વીધીએ સાંભલતાં, પાપ મેવાસી ધ્રુજેરો॥
પજુ૦ તુમે૦ ॥ ભ૦ ॥ ૭ ॥
એ અઠાઈનો મોહોત્સવ કરતા ॥ વા૦ ॥
બહુ જીન જગ ઉદ્દયારે ॥
વિબુધ સેવક એહથી નવ નિધ રૂધિ સિદ્ધિ તર્યા રે ॥
પજુ ॥ તુમે૦ ॥ ભ૦ ॥ ૮ ॥ ઈતિ.

*

૨૯

જીરે પરવ પજુસણુ આવીયાં, તમે ધર્મ કરો નર નાર;
ગુરૂવાણી સુણો એક ચિત્તથી, જેથી પામો ભવજલપાર. ૧
દેવદર્શન ટંક દો કીજીએ, પ્રભુ પુજા કરીએ સાર;
પાપારંભનાં કામો ટાળીએ, કરો ધર્મ તણો વ્યાપાર. ૨
આઠ દીવસ પુણ્યે પામતાં, કરો શક્તિપણે ઉપવાસ,
શીલ પાલીએ શુભ ભાવથી, કદી જુઠું ન બોલીએ. ૩
પડિકકમણું દો ટંકનું કરો, નહિ રમીએ કદી જુગાર;
બારંવાર પજુસણુ નહિ મળે, લહી માનવનો અવતાર. ૪
જેવું કરશો તેવું પામશો, જાણો આ સંસાર અસાર;

જીવ એકલો આવ્યો એકલો, જશે પરભવમાં નિરધાર. ૫
પાપ કર્મ કરી ધન મેળવ્યું, તેતો સાથે ન આવે લગાર;
ચેત ચેત ચેતાવું જીવડા, તને સાન ન આવે લગાર. ૬
ઘડી લાખ ટકાની વહી જશે, નહિ મળશે ટાણું ગમાર;
રૂડું પરમ પજુસણ સેવતાં, બુદ્ધિસાગર જયજયકાર,
સહુ સંઘમાં હર્ષ અપાર. જીરે૦ ૭

*

૩૦

સુણ સટોરીયા, સટાના કુસંગે બટો લાગશે,
તજ ટેવ બુરી બાવળીયો વાવ્યાથી સુળો વાગશે. ટેક.
એ ધંધો પાપી પાકો છે, જુગાર તણો પણ કાકો છે;
ફોગટ ફાંફાનો ફાંકો છે. સુણ સટોરીયા. ૧
છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીરતિ ધનનું;
રક્ષણ નવ રેતું તનમનનું સુણ સટોરીયા. ૨
એતબાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કોઈ કરે તેનો;
ચિંતાતુર રે જીવડો જેનો. સુણ સટોરીયા. ૩
ચાંદી પેડીને જોટાનો, ધંધો એ મોટા ટોટાનો;
રસ્તો છે દોરી લોટાનો. સુણ સટોરીયા. ૪
સજ્જન કો સંગ નથી કરતુ, ચમડાળ સમુ મન રહે ફરતુ;
મળતા સંગી ત્યાં મન ઠરતુ. સુણ સટોરીયા. ૫

એ વગર મે'નતના ધંધાથી તારાજ થયા લક્ષાધિપતી;
મડદાને ખાપણુ મળતુ નથી. સુણ સટોરીયા. ૬
પળમાં ધનવાન બને તું તો, પણ એક પછી આંસુ લુતો;
ઠીકા લમણું દેખ્યો સુતો, સુણુ સટોરીયા. ૭
મીઠા એ મારગ લાગ્યાથી, બકરીસમ બનીયા બહુ હાથી;
ભીખ માગીને ભાગ્યા ત્યાંથી. સુણુ સટોરીયા. ૮
ઘરબાર ઘરેણાંને મેલી, ખત લખી આપે જુગટુ ખેલી;
બૈરી બાળકનો કુણુ બેલી. સુણુ સટોરીયા. ૯
વ્યસનો વધશે એથી ઝાઝા, નિજ કુળ તણી ઘટશે માઝા;
ફીટકાર તણાં વાગે વાજાં. સુણુ સટોરીયા. ૧૦
છે સટામાંહે પાપ અતી, મૃત્યુથી પામે માઠી ગતી;
નરકાદિક પણુ સંઘરતુ નથી. સુણુ સટોરીયા. ૧૧
છે ઉત્તમ ધંધાઓ બહુએ, કરી મે'નત ને રળતા સહુએ;
સો સાંભળજે તુજને કહુએ. સુણુ સટોરીયા. ૧૨
કેશવ શાખ ઉર ધરજે સારી. તજ સટ્ટાને શત્રુ ધારી;
હારી બેઠા કંઇ ઝખ મારી. સુણુ સટોરીયા. ૧૩

*

૩૧

ઓ દુષ્ટ પીતા, દીકરી વેચી ધન લેવા શું જાય છે,
સમજી લેજે, લક્ષ્મી નહિ પણ અંતે તેના લાહા છે.

એ પાપ થકી કીડા પડશે, છાતીપર જમ આવી ચડશે,
ધગધગતા ખીલા ઘાણડશે, એ દુષ્ટ પીતા.

વૃદ્ધસંગ સુકન્યા ચોરી ચઢી, જોવા જન મળીયો એહુ ઘડી;
તુજ કેમ ન છાતી ફાટી પડી, એ દુષ્ટ પીતા. ૨

મડદા સાથે મીંઢળ બાંધી, મંડપમાં રંડાપો સાધી,
શું ? પાપ પાક ખાધો રાંધી, એ દુષ્ટ પીતા. ૩

કુધંધો કયાં સુઝયો તુજને, દુઃખ દરિયામાં નાંખી મુજને;
રોકયો શું નહિ તુજને સુજને, એ દુષ્ટ પીતા. ૪

શું હાથપગો પડીયા ભાગી, કન્યાવિક્રય બુદ્ધિ જાગી,
લે પાપી મૃત્યુને માગી ? એ દુષ્ટ પીતા. ૫

છે ગાય અને દીકરી સરખી, દોરે ત્યાં જાય જુએ પરખી;
શું ? વેચે છે હરખી હરખી, એ દુષ્ટ પીતા. ૬

ધન આવ્યું તે રસ્તે જાશે, હાંસલમાં મોં કાળું થાશે:
આખર તું ભીખ માગી ખાશે, એ દુષ્ટ પીતા. ૭

કસાઇ હણે પરની બેટી, તું તો વધ કરતો નીજ બેટી;
તે ને તારામાં બહુ છેટી, એ દુષ્ટ પીતા. ૮

આ અબળા અંતે શું કરશે, રડતી બળતી કુવે પડશે;
કાં નિસાસા નાંખી મરશે, એ દુષ્ટ પીતા.

કેશવ શીખને ઉરમાં ધરશો, સૌ [illegible] બાંધી કરશો,
તો સજનો શુભ મુકિત વરશો, ૧૦

છે અરજી આ, રંડાતી રામાઓ દેખી આપને,
ધિક્કાર હુઓ, કન્યાવિક્રય કરનારાં માબાપને. ૧૧

*

૩૧

અપસરા કરતી આરતી જીન આગે ॥ હાંરે જિન આ-ગેરે, જીન આગે, હાંરે એતો અવિચળ સુખડાં માગે । હાંરે નાભિ નંદન પાસ ॥ અ૦ ॥ ૧ ॥ તાથેઇ નાટક નાચતી, પાય ઠમકે, ॥ હાંરે દોય ચરણાંમાં ઝાંઝર ઝમકે, હાંરે સોવન ઘુઘરડી ઘમકે ॥ હાંરે લેતી ફુદડી બાલ ॥ અપ૦ ॥ ॥ ૨ ॥ તાલ મૃદંગ ને વાંસળી; ડફ વીણા ॥ હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા ॥ હાંરે મધુર સુરાસુર નંયણાં ॥ હાંરે જોતી મુખડું નિહાળ ॥ અપ૦ ॥ ૩ ॥ ધન મરૂદેવા માતને, પુત્ર જાયા ॥ હાંરે તોરી કંચન વરણી કાયા ॥ હાંરે મેં તો પુરવ પુણ્યે પાયા ॥ હાંરે દેખ્યો તેરો દેદાર ॥ અપ ॥ ૪ ॥ પ્રાણ જીવન પરમેશ્વર પ્રભુ પ્યારો ॥ હાંરે પ્રભુ સેવક હું છું તાહરો ॥ હાંરે ભવો ભવનાં દુખડાં વારો ॥ હાંરે તુમે દીન દયાળ ॥ અપ૦ ૫ ॥ શેવક જાણી આપનો ચિત્ત ધરજો ॥ હાંરે મોરી આપદા સઘળી હરજો; હાંરે મુનિ માણેક સુખીયો કરજો ॥ હાંરે જાણી પોતાનો બાળ ॥ અ૦ ॥ ૬ ॥

*

૬૩

જયદેવ જયદેવ જય જિનવર દાતા પ્રભુ જય જિન વર દાતા ॥ આરતિ અરિહા કેરી ॥ આરતી અરિહા કેરી॥ કરતા સુખ શાતા ॥ જયદેવ જયદેવ ॥ ૧ ॥ દુસરી આ રતિ નાથ શેત્રુંજય કરતા પ્રભુ૦ પાપ પડલ સહુ જાવે ॥ ॥ પા૦ ॥ ગીરી ઉપર ચડતાં ॥ જયદેવ જયદેવ ॥ ૨ ॥ આરતી કરતા ઇંદ્ર, ત્રિભુવનની ત્રીજી ॥ પ્ર૦ ॥ ત્રી૦ ॥ કંચન ગિરિ ઉપર ॥ કં૦ ॥ મનથી બહુ રીઝી ॥ જ૦ ॥ ॥ ૩ ॥ ચોથી આરતી નાથ; ચઉગતી તો જાવે ॥ પ્ર૦ ॥ ॥ ચ૦ ॥ ભાવે ભકિત કરીએ ॥ ભા૦ ॥ ભવજલને તરવા ॥ જયદેવ૦ ॥ ૪ ॥ પંચમી આરતી નાથ પવિત્ર થવા કરીએ ॥ પ્ર૦ ॥ પ૦ ॥ આ ભવજલમાં રહીને ॥ આ૦ ॥ લ્હાવો શુભ લઇએ ॥ જય૦ ॥ ૫ ॥ આરતી પંચ ઉતારી જિનવર ગુણગાવા ॥ પ્ર૦ ॥ જિ૦ ॥ પ્રીતમ તુમ પરતાપે ॥ પ્રી૦ ॥ કુલ શુધ્ધો થાવા ॥ જ૦ ॥ ૬ ॥

*

૬૪

ચારૂ મંગળ ચાર આજ મારે ચારૂ મંગળ ચાર.
દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આજ૦૧
છિનું છિનું છિનું મનમોહન ચરચો,ઘસી કેશર ઘનસાર.આ૦૨
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ. આ૦૩

ધુપ ઉવેખોને કરો આરતી, મુખ બોલો જયકાર. આ૦૪
હર્ષ ધરી આદીશ્વર પુજો, ચૌમુખ પ્રતિમા ચાર. આજ૦૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આ૦૬
સકળચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપગાર. આજ૦ ૭

*

૩૫

ઓચ્છવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે;
કલ્યાણક ઓચ્છવ કીયો, ચડતે પરીણામે.
સતવર્ષ આયુ જીવીને, અક્ષર સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખું ખામી.
સાચીરે ભકતે સાહેબા, રીઝો એક વેળા;
શ્રી શુભવીર હોવે સદા, મન વંછીત મેળા.

*

૩૬

દીવોરે દીવો મંગલિક દીવો ॥ આરતી ઉતારીને બહુ ચિરંજીવો. દી૦ સોહામણું ઘેર પર્વ દીવાળી, અમર ખેલે અમરા બાળી ॥ દી૦ ॥ દીપાળ ભણે એણે કુળ અજવાળી ભાવે ભગતે વિધન નિવારી ॥ દી૦ ॥ દીપાળ ભણે એણે કળી કાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે ॥ દી૦॥ અમઘેર મંગલિક, તમઘેર મંગલિક, મંગલિક ચતુર્વીધ સંઘને હોજો. દી૦

૩૭

બહુ એક લોકો ધરે માન મોટા ભડે ખુબ ધર્મે વળ્યા ખુબ ગોટા, નહી માન મીથ્યા તમે ઉર આણો નિતી પાળવીને દયા ધર્મ જાણો. નિશાળે ગયાવીણ જે માન રાખે, ભણ્યાવીણ જુઠું ભણ્યો એમ ભાખે ભણ્યા આગળે જાણિયે જેમ પાણો નિતી પાળવીને દયા ધર્મ જાણો. લઇ હાટમાં ઘાટથી ખુબ દાટયો, કહે લાભમાં આજ તો ખુબ ખાટયો; બદે તે પછી ન્યાયમાં છેક શાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો. ધરે દીકરી દીકરો એમ માને પછી દીકરાને:કહો કોણ જાણે, નિતી વીણ ધર્મી નહીં રંક શાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો. મુખે ધર્મ નામે સદા એમ બોલે નહી રંકની વાતહાં જીવ ખોલે, ધર્યા ધર્મને રંકના જીવ તાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો. ધડો ડાંડિયે ત્રાજવે ખુબ રાખી લિયે છેતરી રાંકને ભુલ નાંખી; વળી દેખતાં હાથથી થાય તાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો; કહ્યું દીકરે બાપને વાત માંડી નિતી વીણ જે ધર્મની વાત ગાંડી, નહીં બાપને દીકરો જે લખાણો નિતી પાળવીને દયા ધર્મ જાણો. વળી ધર્મીઓ ધર્મમાં ધર્મ મ્હોટો નીતિ ધર્મમાં તો નથી કયાંય ટોટો અનીતી સદા પાપ નીશ્ચે પ્રમાણો, નીતી પાળવીને દયા ધર્મ જાણો.

નિતીથી જે શુદ્ધ રસ્તોજ સારો નિતીથી મળે જે પ્રભુ પુર્ણ પ્યારો. મળે નીતિયે શાસ્ત્રમાંએ ઉખાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો. નિત્તી રાખતાં જુગતો ખુબ જાશે નિતી રાખતાં પાપનો નાશ થાશે; નિત્તી રાખશે વીર તેતો કમાણો નિતી પાળવીએ ખરો ધર્મ જાણો. નિતીયે નહીં દુતનો માર ખાશે નિતીયે ખરે દેવ લોક મળશે, નિતી મર્મમાં ધર્મ રૂડો સમાણો, નિતી પાળ-વીએ ખરો ધર્મ જાણો. નિતી રાખતાં ભાગશે ખુબ બીતી, નિતી રાખતાં રાખશે લોક પ્રીતિ, રૂડો ધર્મ જે નીતીનો શુભ દાણો નિતી પાળવી તે ખરો ધર્મ જાણો. ખરો દેવ તેતો પિતા તુલ્ય ભાસે, નિતી ધર્મની વાત કીધી પ્રકાશે, હુલ્લાશે રહ્યો નીતિયે દેવ તાલે, નિતીના રચ્યા છંદ આ મોતીલાલે.

સજાય.

૯૮

પાપ સ્થાનક પહિલું કહ્યુંરે હિંસા નામ દુરંત મારે જે જગ જીવનરે. તે લહે મરણ અનંતરે ॥ ૧ ॥ પ્રાણી જીનવાણી ધરો ચિત, એ આંકણી. માતપિતાદી અનંતારે પામે વિયોગ તે મંદ દારિદ્ર દોહગ નવિ ટલેરે.

મિલે ન વલ્લભ વૃંદરે પ્રાણી. ॥ ૨ ॥ હોય વિપાકેં દસ ગુણરે એકવાર કિટંત કર્મ. સત સહસ્સ કોડિ ગમેરે તીવ્ર ભાવના મર્મરે. પ્રાણી ॥ ૩ ॥ મર કહિતાં પણ દુઃખ હુવેરે મારે કિમ નવિ હોય. હિંસા ભગિની અતિ બુરીરે. વૈશ્યા નરની જોયરે પ્રાણી. ॥ ૪ ॥ તેહને જોરે જે હુવારે. રૌદ્રધ્યાન પ્રમત નરક અતિથિ તે નૃપ હુઆરે જિમ સુભૂમ બ્રહ્મદત રે પ્રાણી ॥ ૫ ॥ શમ વિવેક કન્યા ક્ષમારે પરણાવે જશ સાય તેહ થકી દુરે ટલેરે હિંસા નામ બલાય રે પ્રાણી. ॥ ૬ ॥

*

૩૯

બીજુ પાપનું સ્થાન મૃષવાદ દુર્ધ્યાન. આજ હો છંડો હો ભવિ ભંડો ધર્મસુ પ્રીતડીજી. ॥ ૧ ॥ વેર ખેદ અવિશ્વાસ એહથી દોષ અભ્યાસ. આજ હો થાએરે નવિ જાએ વ્યાધિ અપથ્યથી જી. ॥ ૨ ॥ રહિવુ કાલિક સૂરી પરીજન વચન તે ભૂરિ, આજ હો સહિવુરે નવિ કહિવું જુઠ ભયાદિકેંજી ॥ ૩ ॥ આસન ધરત આકાસ વસુ નૃપ હુ સુપ્રકાસ આજહો. જુઠેં રે સુર હે ધાલ્યો રસાતલેં જી. ॥ ૪ ॥ જે સત્યવ્રત ધરે મિત હોય ' જગમાંહે પવિત્ર આજહો તેહને રે નવિ ભય સુર વ્યંતર યક્ષથી જી. ॥ ૫ ॥ જે નવિ ભાંખે

અલીક બોલે હાવુ ઠીક. આજહો ટેક રૈસુ વિવેકે સુ-
યશ તે સુખ વરેજી. ॥ ૬ ॥

*

૪૦

ચોરી વ્યસન નિવારીયે પાપસ્થાનક હો ત્રીજુ કહ્યું ઘોરકે ઇહભવ પરભવ દુઃખ ઘણા ઇહ વ્યસનેહો પામે જગ ચોર કે (ચોરી વ્યસન) ૧ ચોર તે પ્રાયે દરિદ્રી હુવે ચોરીથી હો ધન ન ઠરે ને ટકે ચોરનો કોય ધણી નહી પ્રાય ભૂખ્યું હો રહે ચોરનું પટકે ચો. ॥ ૨ ॥ જિમ જળમાંહી નાખિઓ તલે આવેહો જલને અયગોલકે ચોર કઠોર કરમ કરી જાય નરકેહો તિમ નિપટ નિટોલકે ચો. ॥ ૩ ॥ નાહું પડ્યુંવલી વીસર્યું રહ્યું રાખ્યું હો થાપણ કર્યું જેહકે તૃણતુસ માત્ર ન લીજીયે અણુ દીધું હો કિંહા કોઈનું તેહકે. ૪ દૂરે અનર્થ સકલ ટલે મિલે વાલા હો સઘલે જશથાય કે સુર સુખનાં હુયે ભેટણાં વ્રત ત્રીજુ હો આવેજશ હાથરે ચો. ॥ ૫ ॥ ત્યજી ચોરપણું દેવતા હોયનિશ્ચય હો રોહિણીઓ જેમરે એ વ્રતથી જશ સુખલહે વલી પ્રાણી હો વહે પુણ્ય શું પ્રેમ કે ચોરી. ॥૬॥

*

૪૧

પાપસ્થાનક ચોથું વર્જિયે-દુર્ગતિ મૂળ અબંભ જગ સવી મુંઝો છે એહમાં છાંડે તેહ અચંભ ॥ ૧ ॥ પાપ—એ આંકણી રૂડું લાગેરે એવુંરે. પરિણામે અતિ દૂર ફલ વિપાકને સારિખું વરજે સજ્જન દુર ॥ ૨ ॥ અધર વિદ્રુમ સ્મિત ફુલડાં પુચ ફૂલ કઠિન વિશાળ રામા દેખી ન રાચિયે એ વિષવેલી રસાળ ॥ ૩ ॥ પ્રબળ જ્વલિત અય પુતલી. આલિંગન ભલું તન નરક દુઆર નિતંબિની. જગન સેવંત એ દુરંત ॥ ૪ ॥ દાવાનળ ગુણવન તણો. કુલ મશીકુર્ચક એહ. રાજધાની મોહરાયની પાતક ખાન નમેહ ॥ ૫ ॥ પ્રભુતાયેં હરિ સારિખો રૂપે મયણ અવતાર. સીતાયેરે રાવણ યથા છંડો તુમે નરનાર ॥ ૬ ॥ દશ શરી રજમાંહે રોલિયા રાવણ વિવશ અબંભ રામે ન્યાયેરે આપણો રોપ્યો જગ જય થંભ ॥ ૭ ॥ પાપ બંધાએરે અતિઘણાં સુકૃત સકળ ક્ષય જાય. અબ્રહ્મચારિનું ચિંતવ્યું કદિય સફલ નવિ થાય. ॥ ૮ ॥ મંત્ર ફૂલે જગ જસ વધે દેવ ન કહે સાનિદ્ધ બ્રહ્મચર્ય ધરે જે નરા. તે પામે નવ નિદ્ધ ॥ ૯ ॥ શેઠ સુદર્શનને ટલી સૂલી સિંહાસન હોય. ગુણ ગાયે ગગનેરે દેવતા મહિમા શીયલનું જોય. ॥ ૧૦ ॥

મુલ ચારિત્રનું એ ભલું સમકિત વૃદ્ધિ નિદાન. શીલ સલિલ ધરે જિકેત સહુયે સુજસ વખાણુ. ॥ ૧૧ ॥

*

૪૨

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મુળ સલૂણે પરિગ્રહ જે ધરે ઘણો તસ તપ જપ પ્રતિકુલ સલૂણા. ૧ ॥ પરિગ્રહ ॥ એ આંકણી. નવિ પલટે મૂલ રાશિથી માર્ગી કદિયે ન હોય. । સલૂ ॥ પરિગ્રહ ગ્રહ છે અભિનવો સહુને દીયે દુઃખ સોય-સલૂ પરિગ્રહ ॥ ૨ ॥ પરિગ્રહ મદગરૂ અનણે ભવમાંહી પડે જંત સલૂણા યાનપાત્ર જિમ સાગરે ભારા ક્રાંત અત્યંત સ-પ. ૩ ॥ જ્ઞાન ધ્યાન હય ગય વર તપ જપ શ્રુતપર રંત સલુણા છોડે સમ પ્રભુતા લહે મુની પણ પરિગૃતવંત સ. પ. ॥ ૪ ॥ પરિગ્રહ ગૃહવશેં લિંગિયા લેઇ કુમતિ રજસીસ સલૂણા ॥ જિમતિવ જગ લવતા ફિરે ઉનમત હુંઇ નિશ દાસ. સ. પ. ॥ ૫ ॥ તૃપતો ન જીવ પરિગ્રહે ઇંધણુથી જિમ આગં. ॥ સ ॥ તૃષણા દાહ તે ઉપસમે જળ સમ જ્ઞાન વૈરાગ. સ. પ. ૬ ॥ તૃપ તો સાગર સુતે નહી ગોધ નથી કુચિ કર્ણે. સ ॥ તલક શેઠ વલી ધાનથી. કનકેં નંદ સકર્ણ સ. પ. ૭ ॥ અ.

સંતુષ્ટ પરિગ્રહ ભયા સુખીયા ન ઇંદ નરિંદ સત્તૂણા સુખી એક અપરિગ્રહી સાધુ સુજસ સમકંદ સ. પ્રા ૮ ॥

*

૪૩

ક્રોધ તે બોધ નિરોધ છે ક્રોધ તે સંયમઘાતિરે ક્રોધ તે નરકનું બારણું ક્રોધ તે દુરિત પક્ષ પાતિ. ॥૧॥ પાપસ્થાનક છઠું પરિહરો. મનધરિ ઉતમ · ખંતરે ક્રોધ ભુયંગની જાંગુલી એહ કહી જયવંતીરે પ્રા. એ આંકણી ॥૨॥ પૂરવ કોડિ ચરણ ગુણે ભાખ્યો છે આતમ જેણેરે ક્રોધ ત્રિવશ હુતા હોયઘડી. હારે સવિ ફ્ળ તગેરે પ્રા. ૩॥ બાલે આશ્રમ આપણો ભજના અન્યને દાહેરે ક્રોધ કૃશાનું સમાન છે ટાલે પ્રશમ પ્રવાહેરે પ્રાણ ॥ ૪ ॥ આક્રોસતર્જતા ઘાતના. ધર્મ ભ્રંશને ભાવરે અગ્રિમ અગ્રિમ વિરહથી લાભને શુધ્ધ સ્વભાવે રે. ॥ પ્ર ॥ નહોયને હોય તો ચિર નહી ચિર રહે તો ફલ છેહારે સજ્જન ક્રોધ તે એહવો. જેહવો દુરજનને હોરે ॥ ૬ ॥ ક્રોધી મુખે કટુ બોલણા કંટકિયા કૂટ સાખિરે અદિઠ કલ્યાણ કરા કહ્યા. દોષના તરૂ શત સાખિરે ॥ ૭ ॥ કૂર ગરૂ મન તણ કર્યા. ચરિત સુણી સમ આણોરે ઉપશમ સાર છે. પ્રવચને સૂજશ વચન એ પ્રમાણોરે ॥ પા. ॥ ૮ ॥

*

૪૪

પાપસ્થાનક કહે સાતમું શ્રી જીનરાજ એ માન માનવને હોય દુરિત શિરતાજ એ આઠ શિખર ગિરિરાજ તણાં: આડાં વલે નાવે વિમલા લોક તિહાં કિમ તમ ટલે ॥૧॥ પ્રમદ તપમદ વલી ગોત્ર મદેં ભર્યા આ જીવિકા મદવંત ન મુકિત અંગી કર્યા. ઉપશમ અનુસારેં જોએ ગુણ વહે રંગે મદ કરવો એહમાં નિર્મદ સુખ લહે ॥ ૨ ॥ ઉચ્ચ ભાવ દઢ દોષ મદ જવર આકરો હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો પૂર્વ પુરૂષ સિંધુરથી લઘુતા ભાવવું શુદ્ધ ભાવન તે પાવન શિવ સાધન નવું ॥ ૩ ॥ માને ખોયું રાજ્ય લંકનું રાવણે નરનું માન હરે હરિ ગાળી એરાવણે શુલિભદ્ર શ્રુત મદથી પામ્યા વિકારએ માને જીવને આવે નરક અધિકાર એ ॥ ૪ ॥ વિનય શ્રુત તપ શીલ ત્રિવર્ગ હણે સવે માન તે જ્ઞાનનો ભંજક હોય ભવોભવે લુંપક છેક વિવેક નયણનો માન છે એહને છોડતા સંત દુ:ખ રહે છે ॥ ૫ ॥ માને બાહુબલિ વરસ લગેં કાઉસ્સગ રહ્યા. નિર્મદ ચક્રી સેવક દોય મુનિ સમ કહ્યા સાવધાન ત્યજી માન જે ધ્યાન ધવલ ધરે પરમ સુજસ રામા તસ આલિંગન કરે. ॥ ૬ ॥

૪૫

પાપ સ્થાનક આઠમું કહ્યું સુણો સંતાજી છંડો માયા મૂલ ગુણવંતાજી ૪ષ્ટ કરે વ્રત આદરે ॥ સુ ॥ માયાયેં તે પ્રતિકૂલ ॥ ગુણા ૧ ॥ નગર માસ ઉપવાસિયા. ॥ સુ ॥ સીથલીયે કૃશ અન્ન ॥ ॥ ગુણા ॥ ગર્ભ અનંતા પામશે ॥ સુણો ॥ જો છે માયા મન્ન ॥ ગુણા. ૨ ॥ કેશ લોચન ધારણા ॥ સુણો ॥ ભૂમિ શય્યા વ્રત યાગ ॥ ગુણા. ॥ સુકર સકલ છે સાધુને ॥ સુણો દુષ્કકર માયા ત્યાગ ॥ ગુ ॥ ૩ ॥ નયન નવયન આકારનું ॥સુ॥ ગોપન માયાવંત ॥ ગુ૦. જેહ કરે અસતીપરે ॥સુ॥ તે નહિ હિત કર તંત ॥ ગુ ॥ ૪ ॥ કુસુમ પુરે ઘર સેઠને ॥સુ॥ હેઠે રહયો સંવિજ્ઞ ॥ ગુ ॥ ઉપરે તસ બીજો રહયો ॥ સુ ॥ ઉત્કલ પણ સગુણજ્ઞ ॥ ગુ ॥ ૫ ॥ દંભિ એક નિંદા કરે ॥ સુ ॥ બીજો ઘરે ગુણ રાગ ॥ગુ॥ પહેલાનાના ભવ દુસ્તર કહ્યા. ॥ સુ ॥ બીજાને કેવલ ત્યાગ ॥ ગુ ॥ ॥ ૬ ॥ વિધિ નિષેધ નવિ ઉપદિશે ॥સુ॥ એકાંતે ભગવંત ॥ ગુ ॥ કારણેનિ કપટી હવું ॥સુ॥ એ આણા છે તંત ॥ ગુ ॥ માયાથી અલગા ટલો ॥ સુ ॥ જીમ મલો મુગતિશું રંગ ॥ ગુ ॥ સુજસ વિલાસ સુખી રહો ॥ સુ ॥ લક્ષણ આવે અંગ ॥ગુ॥ ૮ ॥

૪૬

જીરે મારે લોભ તે દોષ અથોભ. પાપસ્થાનક નવ મું કહ્યું. જીરે જી. જી. સર્વ વિનાસનું મૂલ એહથી કોણે ન સુખ લહ્યું. જીરેજી ॥ ૧ ॥ જી ॥ સુણીયેં બહુ લોભાંધ ચક્રવર્તી હરિની કથા. જીરે જી ॥ જી ॥ પાડ્યા કટુક વિપાક પીરત રકત જલો યથા. ॥ જી ॥૨॥ જી ॥ નિર્ધનને શત્ત માહશત તહે સહસ લોડિએ ॥જી॥ જી॥ સહસ લહે લખ લોભ, લખલાભ મન કોડિયેં ॥ જી ॥ જી ॥ ૩ ॥ કોટીશ્વર નૃપ રૂદ્ધિ નૃપ ચાહે ચક્રીમપણું ॥ જી ॥ જી ॥ માહે ચક્રી સુર ભોગ સુર માહે સુર પતિ સુખ ઘણું ॥ જી ॥ ૪ ॥ જી ॥ મૂલ લઘુપણે લોભ વાધે સર્વ પરે સહી ॥ જી ॥ જી ॥ ઉતરાધ્યયને અનંત ઇચ્છા આકાશ સમી કહી ॥જી ॥૫॥ સ્વયં ભૂરમણ સમુદ્ર કોઇક અવગાહી શકે ॥ જી ॥જી॥ તોપણ લોભ સમુદ્ર પાર ન પામે બલ થકે ॥જી॥જી॥૬॥ કોઇક લોભને હેત તપ શ્રુત હારે જે જડયા ॥જી॥જી॥ કાગ ઉડાવણ. હેત સૂર મણિ નાખે તે ખડા. જી॥જી॥૭॥ લોભ તજે જે ધીર તસ સવિ સંપત્તિ કિંકરી ॥ જી॥ જી ॥ સુજસ સુપુણ્ય વિલાસ ગાવે તસ સુર સુંદરી ॥ જી ॥ ૮ ॥

*

૪૭

પાપસ્થાનક દશમું કહ્યું રાગરે કુણ હિત પામ્યો તેહનો તાગરે રાગેં વાહ્યા હરિહર બંભારે રામે નામે કરેય અચંભારે ॥ ૧ ॥ રાગ કેશરી છે વડ રાજારે વિષયા ભિલાષ તે મંત્રી તાજારે જેહના છોરૂ ઇંદ્રિય પંચોરે તેહનો કીધો એ સકલ પ્રપંચોરે ॥૨॥ જેહસદા ગમવશ હુઈ જાશેરે અપ્રમત્તતા શિખરે વાસેરે મરણ ધરમ નૃપ શૈલ વિવેકેંરે તેહશું ન મલે રાગિ ટેકેરે ॥૩॥ બીજા તો સવિરાગેં વાહ્યારે એકાદશ ગુણ ભણેં ઉમાહ્યારે રાગેં પડયા તે નર ખુતારે નરયનિ ગોદ મહાદુઃખ જૂતારે ॥ ૪ ॥ રાગ હરણ તપજપ શ્રુત ભાંખ્યારે તેહથી પણ જીણે ભવ ફ્લ ચાખ્યારે તેહનો કોઇ ન છે પ્રતિકારોરે અમિય હોય વિષ ત્યાંસ્યો ચારોરે ॥ ૫ ॥ તપ બલે છુટા તરણું તાણીરે કંચન કોડી આષાઢ ભૂતિ નાણીરે નંદિ ષેણ પણ રાગેં નડિયારે શ્રુત નિધિ પણ વેશ્યા વશ પડિયારે ॥૬॥ બાવીશ જીન પણ રહિ ઘર વાસેંરે વર્ત્યા પૂર્વ રાગ અભ્યાસેરે વજ્ર બંધપણ જસ બલ ત્રૂટેરે નેહ તંતુથી તેહ ન છુટેરે ॥ ૭ ॥ દેહ ઉચ્ચાટન અગ્નિનું દહવુંરે ઘણ કુટ્ટન એ સવિ દુઃખ સહવુંરે ॥ અતિ ઘણું રાતિ જે હોય મજીઠરે રાગ તણો ગુણ એહુજ દિઠરે ॥ ૮ ॥ રાગ ન કરજો કોઈ નર કોઇ

શું રે નવિ રહેવાય તો કરજો મુનિ શુરે મણિ જીમ ફૂણિ વિષનો તિમને હોરે રાગનું ભેષજ સુજશ સને હોરો॥

*

૪૮

દ્વેષ ન ધરીયે લાલન દ્વેષ ન ધરીયે દ્વેષ તજ્યા-થી લાલન શિવ સુખ વરિયેં ॥ લા-શિ. પાપસ્થાનક એ અગ્યારમું કુડું દ્વેષ રહિત ચિત્ત હોય સવિરૂડું ॥ લા ॥ હો ॥ ૧ ॥ ચરણ કરણ ગુણ બની ચિત્ર-શાલી દ્વેશ ધુમે હોય તે સવિકાલી ॥ લ ॥ હો ॥ ૨ ॥ દોષ બેંતાલીશ શુદ્ધ આહારી ધુમ્ર દોષે હોયે પ્રમત્ત વિકારી ॥ લા ॥ પ્ર ॥ ૩ ॥ ઉગ્ર વિહારને તપ જપ કિરિયા કરતાં દ્વેષ તે ભવમાંહિ ફરિયા. ॥ લા ॥ ભ ॥ ૪ ॥ યોગનું અંગ અદ્વેષ છે પહિલું સાધન સવિલહે તેહથી વહેલું ॥ લા ॥ તે ॥ ૫ ॥ નિર્ગુણ તે ગુણ-વંત ન જાણે ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે ॥ લા ॥ દ્વે ॥ ૬ ॥ આપ ગુણીને વલી ગુણરાગી જગમાંહે તેહ-ની કીરતિ જાગી ॥ લા. ॥ કી ॥ ૭ ॥ રાગ ધરી જે જીહાં ગુણ લહિયે નિર્ગુણ ઉપરેં સમચિત્ત રહિયે ॥ લા ॥ સ ॥ ૮ ॥ ભવથિતિ ચિંતન સુજસ વિલાસે ઉત્તમના ગુણ એમ પ્રકાશે ॥ લા. ॥ એ ॥ ૯ ॥

૪૯

કલહ તે બારમું પાપનું સ્થાન દુરગતિ વનતું મૂલ નિદાન સાજન સાંભલો મહોટો રોગ કલહ કાચ કામલો એ આંકણી ॥ દંત કલહ જે ઘર માંહે હોય લછી નિવાસ તિહાં નવિ જોય ॥ સા. ॥ ૧ ॥ શું સુંદરી તું ન કરે સાર ન કરે નાપે કાંઇ ગમાર ॥ સા ॥ ક્રોધમુખી તું તુજને ધિક્કાર તુજથી અધિકો કુણ કલીકાર ॥ સા ॥ ૨ ॥ સાહામું બોલે પાપણી નિત્ત પાપી તુજ પિતા જુઓ ચિત્ત સાગુદંત કલહ ઇમ જેહને થાય તે દંપતીને સુખ કુણ ઠાય ॥ સા ॥ ૩ ॥ કાંટે કાંટે થાયેં વાડિ બોલેં બોલં વાધે રાડિ ॥ સ ॥ જાણી મોન ધરે ગુણવંત તે સુખ પામે અતુલ અનંત ॥ સા ॥ ૪ ॥ નિ-તેં કલહણુ કોહણુ શીલ ભં-ડણુ શીલ વિવાદ સશીલ ॥ સા ॥ ચિત્ત ઉતાપ ધરે જે એમ સંયમ કરે નિરર્થક તેમ ॥ સા ॥ ૫ ॥ કલહ કરીને ખમાવે જેહ લઘુ ગુરૂ આરાધક હોય તેહ ॥ સા. ॥ કલહ સમાવે તે ધન્યધન્ન ઉપશમ સાર કહિયો સામન્ન ॥ સા. ॥ ૬ ॥ નારદ નારી નિર્દય ચિત્ત કલહ ઉદીરે ત્રણ્યે નિત્ત ॥ સા. ॥ સજ્જન સુજસ સુશીલ મહંત વારે કલહ સ્વભાવે સંત ॥ સા. ॥ ૭ ॥

*

૫૦

પાપસ્થાનક તે તેરમું છાંડીયેં અભ્યાખ્યાન દુરંતોજી અછતાં આલજે પરના ઉચરે દુઃખ પામે તે અનંતોજી ॥ ૧ ॥ ધનધન તે નર જે જીન મત ધરે એ આંકણી. અછતે દોષેં રે અભ્યાખ્યાન જે કરે ન પૂરે ઠાણોજી તે તે દોષેંરે તેહુ તે દૂષિયેં ઇમ ભાંખે જીણુ ભાણોજી ॥ ધન ॥ ૨ ॥ જે બહુ મુખરી રે વલી મત્સર ભર્યાં અભ્યાખ્યાનના તે હોયજી પાતક લાગેરે અણુ કીધાં સહી તે કીધુ સવિ ખોયજી ॥ ધ ॥ ૩ ॥ મિથ્યા મતિ નીર દશ સંજીકે અભ્યાખ્યાનના ભેદોજી ગુણુ અવગુણુંનો રે જે કરે પાલટો તે પામે બહુ ખેદોજી ॥ ધ ॥ ૪ ॥ પરને દોષન અછતા દીજીયેં પીજીયેં જો જીન વાણીજી ઉપશમ રસ સુંરે ચિત્તમાં ભીંજીયેં કીજીયેં સુજસ કમાણીજી ॥ ધન ॥ ૫ ॥

*

૫૧

પાપ સ્થાનક હોકે ચૌદમું આકરૂં પૈશુન્ય પણાનું હો કે વ્યસન છે અતિ બુરૂં અશન માત્રનો હો કે શુનક કૃત છે તેહથી બૂંડો હો કે પિશુન લવે પછે ॥ ૧ ॥ બહુ ઉપ કરિયેં હો કે પિશુનને પરેં પરેં

કલહુનો દાતા હો કે હોય તે ઉપરે દૂધે ધોયો હો કે વાયસ ઉજલો કિમ હોય પ્રકૃતે હો કે જે છે શામલો ॥ ૨ ॥ તિલહુ તિલતણુ હો કે નેહ છે ત્યાં લગે નેહ પણ છે હો કે ખલ કહિયે જગે ઇમનિ શ્નેહી હો કે નિરદય હૃદયથીપિશુનની વાર્તા હો કે નવિ જાયે કથી ॥ ૩ ॥ ચાડી કરતા હો કે વાડિ ગુણુ તણી સૂકે મૂકે હો કે ખ્યાતિ પુણ્યતણા કોઈ નવિ દેખે હો કે વદન પિશુન તણું નિર્મલ કુલને હો કે દીએ તે કલંક ઘણું ॥ ૪ ॥ જીમ સજ્જન ગુણુ હો કે પિશુન તે દુષિયે તિમતિણે ગ્રહેજે હોકે ત્રિભુવન ભૂષિયે ભસ્મે માંજ્યો હો કે દર્પણુ હોય ભલો સુજસ સવાઇ હો કે સજ્જન સુકુલ તિલો ॥ ૫ ॥

*

૫૨

જીહાં રતિ કોઇક કારણેજી અરતિતિહાં પણુ હોય પાપ સ્થાનક તે પન રમુંજી તેણે એ એકજ જોય ॥ ૧ ॥ સુગુણુ નર સમજો ચિત્ત મઝાર એ આંકણી ચિન્તતો અરતિ રતિ પાંખ શુંજી ઉડે પંખીરે ચિત પિં-જર શુદ્ધ સમાધિજી રહયો રહેતે ચિત્ત ॥સુ॥૨॥ મ-ન પારદ ઉડે નહિજી પામિ અરતિરતિ આગ તો હુયે સિધિ કલ્યાણુનીજી ભાવક જાયે ભાગ ॥ સુ ॥ ૩ ॥

પર વશેં અરતિરતિ કરીજી ભૂતાસ્થ હોય જેહ તસ વિવેક આવેન હીંજી હોય નદુઃખનો છેહ ॥ સુ ॥ ૪ ॥ નરતિ અરતિ છે વસ્તુથીજી તે ઉપજે મનમાંહિં અ-વલ્લભ સુત હુઉજી ચુકાદિક નહિ કાંહી ॥ સુ ॥ ૫ ॥ મન કલ્પિત રતિ અરતિ છેજી નહીં સત્યપર્યાય નહીં તો વેચી વસ્તુમાંજી કિમતે સવિ મટિ જાય ॥ સુ ॥ ૬ ॥ જેહ અરતિરતિ નવી ગણેજી સુખ દુઃખ હોય સમાન તે પામે જસ સંપદાજી વાધે જગ તસવાન ॥ સુ ॥ ॥ ૭ ॥

*

૫૩

સુંદર પાપ સ્થાનક જો સોલમું પરનિંદા અસરાલહો સુંદર નિંદક જે મુખરી હુવે તે ચોથો ચંડાલહો સું. ॥૧॥ સુંદર જેહને નિંદાનો ઢાલ છે તપ કિરિયા તસ ફોકહો સુંદર દેવં કિલ્વિષ તે ઉપજે એફલ રોકારો કહો ॥ સું ॥ ૨ ॥ સુંદર ક્રોધ અજીરણ તપતણું જ્ઞાન તણો અહંકારહો સુંદર પરનિંદા કિરિયા તણો વમન અજીરણ આહારહો ॥ સું ॥ ૩ ॥ સુંદર નિંધાનો જેહ સ્વભાવ છે તાસ કથન ન વિનંદહો સુંદર નામ ધરી જે નિંદા કરે તેહ મહામતિ મંદહો ॥સું ॥ ૪ ॥ સુંદર

રૂપ ન કોઇ ધારિયેં દાખીયેં નિજ નિજ રંગહો
સુંદર તેહમાં કાંઇ નિંદા નહીં બોલે બીજું અંગહે
॥ સું ॥ ૫॥ સુંદર એહ કુશીલણી ઇમ કહે કોપ ફુઉ
જેહ હો સુંદર તેહ વચન નિંદા તણું દશ વૈકા-
લિક સાખેહો ॥ સું ॥ ૬ ॥ સુંદર દોષ નજરથી નિં-
દા હુવે ગુણનજરેં હુએ રાગહો સુંદર જગ સવિચાલે
ચાદલ ચઢયો સર્વ ગુણીવીત રાગહો ॥ સું ॥ ૭ ॥
સુંદર નિજ મુખ કનક કચોલડે નિંદક પરીમલ લેઇહો
સુંદર જેહ ઘણાપર ગુણ ગ્રહે સંત તે વિરલા કોઇહો
॥ સું ॥ ૮ ॥ સુંદર પર પરિવાદ વ્યસન તજો મકરો
નિજ ઉત્કર્ષહો સુંદર પાપ કરમ ઇમ સવિ ટલે પામે સુખ
જ સહર્ષહો ॥ સું ॥ ૯ ॥

*

૫૪

સત્તરમું પાપનું ઠામ પરિહર જો સદગુણ ધામ
જીમ વાધે જગમાં મામહોલાલ ॥ ૧ ॥ માયા મોહ
નવિ કીજીયં એ આંકણી! એતો બિષને વલીય ન્ધારચું
એતો શત્રુને અવલું ધારચું. એતો વાઘનું બાલક કાર્યું
હો લાલ ॥ મા ॥ ૨ ॥ એતો માયીને મોસાળાઈ થઇ
મહોટા કરેય ઠગાઈ તસ હેઠે ગઇ ચતુરાઈ હો લાલ

મા ॥ ૩ ॥ બગલા પરે પગલાં ભરતાં થોડું બોલે જાણે મરતાં જગ ધંધે ધાલે ફિરતા હો લાલ ॥ મા ॥ ૪ ॥ જે કપટી બોલે જુઠું તસ લાગે પાપ અપૂઠું પંડિતમાં હોયે ઋષિ જુઠું હોલાલ ॥૪॥પા૦દંભીનું જુઠુંમીઠું તે નારી ચરિત્રદીઠું પણ તે છે દુર્ગતિ મીઠું હો લાલ॥મા॥૬॥જે જૂઠો દે ઉપદેશ જંન રંજનને ધરે વેશ તેહનો જુઠો સકલ કલેશ હો લાલ મા ॥ ૭ ॥ તેણે ત્રીજો મારગ ભાંખ્યો વેશ નિંદે દંભે શાખ્યો સુદ્ધ ભાષ કે સમ સુખ ચાખ્યો હો લાલ ॥ મા ॥ ૮ ॥ જુઠું બોલી ઉદર જે ભરવું કપટીને વેશે ફરવું તે જમ બારશું કરવું હો લાલ મા ॥ ૯ ॥ પડે જાણે તો પણ દંભે માયા મોસને અધિક અચંભે સમકિત દ્રષ્ટિ મન થંભે હો લાલ મા ॥ ૧૦ ॥ શ્રુત મર્યાદા નિરધારી રહ્યા માયા મોસ નિવારી સુદ્ધ ભાષકની બલિહારી હો લાલ ॥ મા ॥ ૧૧ ॥ જે માયા યે જુઠ ન બોલે જગ નહીં કોઇ તેહને તોલે તે રાજે સુજશ અમોલે હો લાલ ॥ મા ૧૨ ॥

*

અઢારમું જે પાપનું થાનક તે મિથ્યાત્વ પરિહરિયેંજી સત્તરથી પણુ તે એક ભારી હોય તુલાયેં જો ધરિયેંજી કષ્ટ કરો પરેં પરેં દમો અપ્પા ધર્મ અર્થે ધન ખરચોજી પણ મિથ્યાત્વ છે તે તે જુઠું તિણુ તેહથી તુમે વિચરજો જી ॥ ૧ ॥ કિરિયા કરતો ત્યજ તો પરિજન દુઃખ સહુ તો મન રીજેંજી અધન જીપે પર તીસેના તિમ મીથ્યા દ્રષ્ટિ ન સીજેજી વીરસેન સુરસેન દ્રષ્ટાંતે સમકિતના નિયુંત્કેંજી જોઇને ભલી પરેં મન ભાવો એહ અરથ વર યુકિતંજી ॥ ૨ ॥ ધમ્મે અધમ્મ અધમ્મે ધમ્મહ સન્ના મગ ઉમગાજી ઉન્માર્ગે મારગના સન્ના સાધુ અસાધુ સંલગાજી અસાધુમાં સાધુની મતિ જીવેં અજીવ અજીવે જીવ વેદોજી મુત્તે અમુત્તિ અમુત્તે મુત્તિહ સન્ના એ દેશ ભેદોજી ॥૩॥ અભિગ્રહીકની જાનીજ મત્તે અભિગ્રહઅનભિ ગ્રહિક સહુ સરિખાજી અભિનિવેશિ જાણતો કહે જુઠું કરે ન તત્વ પરિખાજી સંશય તે જીન વચનની સંકા અવ્યકતેં અના ભોગાજી એ પણ પાંચ ભેદ છે શ્રુત જાણે સમજુ લોગાજી ॥ ૪ ॥ લોક લોકોત્તર ભેદે એ ષટવિધ દેવધર્મ વલી ગુરૂ પર્વજી સકતે તિહાં લૌકિક ત્રણ આદર કરતાં પ્રથમ નિગર્વજી લોકોત્તર દેવ માને નીયાણું ગુરૂ જે લક્ષણ હીનાજી પર્વ નિષ્ટ ઇહ લોકને કાજેં માને ગુરૂ પદ લીનાજી ॥ ૫ ॥ એમ એક

વીશ મિથ્યાત્વ ત્યજેજી ભજે ચરણ ગુરૂ કેરાંજી રજે ન રાખે મસ્ત અરડોહ અને રાજી સમકિત ધારી સુત આચતરી તેહની જગ બલિહારીજી શાસણ સમકિતને આધારે તેહની કરો મનો હાસજી ॥ ૬ ॥ મિથ્યાત્વ તે જગ પરમ રાગ છે વલીય મહાઅંધકારોજી પરમશત્રુને પરમ શસ્ત્ર તે પરમ નરક સંચારોજી પરમ દોહગને પરમ દરિદ્ર તે પરમ સંકટ તે કહિંયેજી પરમકતાર પરમ દુર્ભિકતને તે છાંડે સુખ લહિયેંજી ॥૭॥ જે મિથ્યાત્વ લવલેશ ન રાખે શુદ્ધ મારગ ભાંખેજી ને સમકિત સુર તરૂફલ ચાખે રહેવલી અણીયે આખેજી મ્હોટા ઇશી હોય ગુણ પાખે ગુણ પ્રભુ સમકિત દાખે ૭ શ્રી નયવિજય વિબુધ પય સેવક વાચક જશ ઇમ ભાખેજી ॥ ૮ ॥

*

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રહસ્થોના મુબારક નામ.

પ્રત	નામ
૫૧)	સા. પોચાલાલ ચમનલાલ જ્ઞાન વર્ધક ના પ્રેસીડન્ટ.
૪૧)	સા. કેવળદાસ પુરશોત્તમદાસ
૨૧)	સા. મણીલાલ હીરાચંદ
૨૧)	સા. છોટાલાલ ઉગરચંદ
૨૧)	સા. કેસવલાલ હઠીસંગ
૨૧)	સા. જમનાદાસ તારાચંદ
૧૧)	સા. મોહોલાલ ગીરધરદાસ
૧૫)	સા. જેસંગભાઇ જગજીવનદાસ
૧૧)	સા. ગુલાબચંદ નગીનદાસ
૧૧)	સા. કચરાભાઇ ઘેલચંદ
૧૧)	સા. ભીખાભાઇ નાલચંદ
૧૧)	સા. વાડીલાલ ચકુભાઈ
૧૦)	સા. ફુલચંદ મુલચંદ
૧૦)	સા. ઘેલાભાઇ પુંજાભાઇ
૧૦)	સા. છોટાલાલ સાંકળચંદ
૧૦)	સા. કેસવલાલ ધરમચંદ
૧૦)	સા. ઝાલાભાઇ બાપાલાલ

१०) સા. કેસવલાલ તારાચંદ
०) સા. ચમનલાલ મોહનલાલ
१०) સા. ગટાભાઇ ઉમેદરામ માસ્તર
७) સા. ચુનીલાલ દીપચંદ
५) સા. મગનલાલ રવચંદ
५) શ્રી મોહનલાલજી જૈન પાઠશાળા
५) સા. ચમનલાલ છગનલાલ
५) સા. રવચંદ માધવજી
५) સા. ફુલચંદ ડાયાભાઇ
५) સા. નાલચંદ છોટાલાલ
५) સા. જેઅચંદ કાલીદાસ
५) સા. ચુનીલાલ છગનલાલ
५) સા. ભગુભાઇ નગીનદાસ
५) પરેખ મગાભાઇ ગોકળદાસ
५) સા. ખેમચંદ રતનચંદ
५) સા. રતનચંદ ગીરધર
५) સા. ભીખાભાઈ ફતેચંદ સભાના ટ્રેઝરર
५) સા. ગીરધરલાલ પીતાંબર
५) સા. હઠીસંગ નાલચંદ
५) શેઠ ભુરાભાઈ મોતીચંદ
५) સા. સાંકળચંદ કેસવલાલ

૫) મેસર્સ વકીલની કંપની
૫) સા. અનોપચંદ સાંકળચંદ
૫) સા. મણીલાલ ઘેલાભાઇ
૫) સા. પોપટલાલ જેસંગભાઇ
૫) સા. ટોકરસી મગનલાલ
૫) સા. શકરચંદ [illegible]ભાઇ
૫) સા. મણીલાલ હઠીસંગ
૫) સા. મોહનલાલ લલ્લુભાઇ
૫) સા. છગનલાલ હઠીસંગ
૫) સા. બાલાભાઇ મોતીલાલ
૫) સા. મંગળદાસ ડાયાભાઇ
૫) સા. ચુનીલાલ પ્રેમચંદ
૫) સા. નાથાલાલ ચકુભાઇ
૫) સા. ચમનલાલ ચુનીલાલ
૫) સા. નગીનદાસ પીતાંબરદાસ
૫) સા. ફકીરચંદ
૪) મણીલાલ મુલચંદ
૩) સા. નાલચંદ ગુલાબચંદ
૩) સા. મણીલાલ લલુભાઇ જ્ઞાન વર્ધકના સેક્રેટરી
૩) સા. મોહનલાલ ભોગીલાલ
૨) સા. પ્રેમચંદ મથુરદાસ

૨) સા. મગનલાલ વાડીલાલ

૨) સા. સાંકળચંદ ઘેલાભાઇ

૨) સા. મગનલાલ બાદરશી

૨) સા. સારાભાઇ મોતીલાલ

૨) સા. સકરચંદ હેમચંદ

૨) સા. ચમનલાલ વાડીલાલ

૨) સા. પ્રેમચંદ છગનલાલ

૨) સા. સકરચંદ વાડીલાલ

૨) સા. છગનલાલ વાડીલાલ

૨) સા. ફકાભાઇ કચરાભાઇ

૨) સા. ભીખાભાઇ છગનલાલ

૨) સા. ડાયાભાઇ છોટાલાલ

૨) સા. દલસુખ માનચંદ

૨) સા. છોટાલાલ જમનાદાસ

૨) સા. હરીલાલ ખલણ

૧) મહેતા લીલાચંદ પદમશી

૧) સા. કેસવલાલ બેચરદાસ

સા. બાલાભાઇ સારાભાઇ

૧) સા. વેણીચંદ ફતેચંદ ભગુસા

૧) સા. કેસવલાલ પોપટલાલ

બાઇ ચંપા ભીખાભાઇ

૧) સા. જમનાદાસ મોકમ

૧) સા. ભીખાભાઇ પુરસોતમ

૧) સા. વાડીલાલ દોલત

૧) સા. ચમનલાલ દલસુખરામ

૧) સા. શકરાભાઇ જેઠાભાઇ

૧) સા. સકરચંદ કાળીદાસ

૧) સા. પોપટલાલ તારાચંદ



જાહેર ખબર.

સર્વે જૈન બંધુઓને ખબર આપવામાં આવે અમારા તરફથી પ્રકટ કરવામાં આવેલી શ્રી જૈન માળા નીચે લખ્યા શીરનામે મળશે. દેશાવર વી. પી. થી મોકલવામાં આવશે.

અમદાવાદમાં—શ્રી જૈન જ્ઞાનવર્ધક સભા દેવશાનો પાડો.

,, શાહ છોટાલાલ ઉગરચંદ. કુવારા પાસે,

કાપડ બજાર.

તરૂણ તપસ્વીની.

આ એક તરૂણોને બોધ લેવા લાયક રસીક સામાજિક નવલકથા છે. એક પ્રકરણ શરૂ કર્યું કે આખું પુસ્તક વાંચ્યા સિવાય ઉઠવા કે જમવાનું મન થતું નથી. પુસ્તક મોટા ૧૨૫ પૃષ્ઠનું થશે. સુંદર કાગળમાં છાપી બાંધી તૈયાર કરનાર છીએ. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી ફકત રૂ. ૦—૪—૦ અને પાછળથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૦—૬—૦ પોષ્ટેજ જુદું. છાપવું શરૂ થયું છે.

નામ નોંધાવવાનું ઠેકાણું:—વર્ધમાન એજન્સી-અમદાવાદ.